સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

એપ્રીલ - ૨૦૦૮
બે વર્ષ લવાજમ રૂા.૧૯૦/-



"એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે; ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય."

## 'શ્રી વડતાલ દર્શન વિશેષાંક'



"પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૫મા
જન્મજયંતી મહોત્સવ પ્રસંગે"

સત્સંગ સંપોષક સંવર્ધક, સત્સંગ શિરોમણી, ધર્મકુળ ભૂષણ આપણા સૌના પ્રેરણાદાતા, લાખો યુવક-હૃદયના ધબકાર, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર અને શ્રીજીમહારાજના આઠમા વંશજ સનાતન ધર્મમાર્તંડ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પનોતા સત્પુત્ર અને ભાવિ વારસદાર, રંગપંચમીના પુણ્ય પ્રભાતે પ્રગટેલા પરમાત્મા સ્વરૂપ લાડિલા લાલ **પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો અદ્‌ભૂત અને ભવ્ય **'૩૫મા જન્મજયંતી મહોત્સવ'** પ્રસંગે 'શ્રી વડતાલ દર્શન' અંક આપના સમક્ષ મુકતા અમો આનંદની લાગણી અનુભવીએ છીએ...



# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૩, અંક :- ૧૦, તા. ૨૦-૦૪-૦૮

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


## :: અનુક્રમણિકા ::


૧ ઉપાસનાનું કેન્દ્ર શ્રી વડતાલ મંદિર... ૦૪
૨ વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ૦૫
૩ વડતાલ મહિમાની સ્વલ્પ શબ્દોમાં ઝાંખી... ૦૬
૪ શ્રી વડતાલ દર્શન... ૦૯

૧ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ૦૯
૨ શ્રી રણછોડરાયજી ૧૦
૩ શ્રી રાધાકૃષ્ણ દેવ ૧૦
૪ શ્રી ધર્મ-ભક્તિ શ્રી વાસુદેવનારાયણ ૧૧
૫ શ્રી લક્ષ્મીનારાયણદેવનો મંડપ ૧૧
૬ શ્રી હરિમંડપ ૧૨
૭ શ્રી અક્ષર ભુવન ૧૩
૮ મંદિરની પ્રદક્ષિણામાં આવેલી છત્રી ૧૪
૯ આચાર્યશ્રી સ્થાપના સ્મૃતિ સ્થાન ૧૪
૧૦ શ્રી સભામંડપ ૧૪
૧૧ જ્ઞાન કૂપ ૧૬
૧૨ સંતોની ધર્મશાળા તથા બૂરજ ૧૬
૧૩ લીંબડાવાળો ઓટો (છત્રી) ૧૬
૧૪ આચાર્યશ્રીની હવેલી તથા ગાદીવાળો મેડો ૧૭
૧૫ શ્રી નારાયણ મહોલ ૧૭
૧૬ શ્રી હનુમાનજી - શ્રી ગણપતિજી ૧૮
૧૭ યજ્ઞશાળા ૧૮
૧૮ આચાર્યશ્રી સ્મૃતિ મંદિર ૧૮
૧૯ જોબનપગીની મેડી ૧૮
૨૦ વડેરે મતાની ધર્મશાળા (નારાયણગીરી બાવાનો મઠ) ૧૯
૨૧ શ્રી ઘેલા હનુમાનજી ૧૯
૨૨ પ્રસાદિભૂત શ્રી કેદારેશ્વર મહાદેવજી ૧૯
૨૩ જ્ઞાનબાગ ૨૦
૨૪ ગંગાજળીયો કુવો ૨૧
૨૫ તાડણ તળાવ ૨૧
૨૬ વડતાલધામ દર્શન ૨૨
૨૭ ધના તલાવડી ૨૪
૨૮ સોનારકુઇ - ગોપીતળાવડી - ખોડિયારમાતા ૨૪
૨૯ શ્રી ગોમતીજી (ધારુ તળાવ) ૨૪
૩૦ ગોમતીજી કાંઠે પ્રાસાદિક છત્રી ૨૫
૩૧ શમીપૂજન છત્રી (ગોમતીજી કાંઠે) ૨૫
૩૨ જળક્રિડા છત્રી (ગોમતીજીના સામે કાંઠે) ૨૫
૩૩ સુંદરપગીનો કુવો ૨૬
૩૪ શ્રી રઘુવીર વાડી (આચાર્યશ્રી નિવાસસ્થાન) ૨૭
૩૫ શ્રી નારાયણ બાગ ૨૭
૩૬ વાસણ સુથારનું ઘર ૨૮
૩૭ કુબેરભાઇનું ઘર ૨૮
૩૮ ત્રણ દરવાજા ૨૮

૫ તખાપગીની બામરોલી (પ્રસાદીની રાયણ, પ્રસાદીની કોઠી) ૨૯
૬ તપ્તમુદ્રા (છાપ) મહિમા ૩૦
૭ શ્રી વડતાલ મંદિર : થોડી જાણવા જેવી વિગતો ૩૨
૮ સત્સંગ સમાચાર પત્રિકા ૩૬



:: લેખન/સંકલન ::
સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



અદ્યતન આ વિશ્વમાં સ્વયં સર્વાવતારી ભગવાન શ્રીહરિના હસ્તે નિર્માણ થયેલું પુરાતન ધામ અને

# ઉપાસનાનું કેન્દ્ર શ્રી વડતાલ મંદિર...

સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે જો કોઈ સ્થળે મંદિર બાંધવા માટે જગ્યા પોતે જોઈને પસંદ કરી હોય,

મંદિરનું ચિત્ર અને નકશો પોતે તૈયાર કરાવીને પસંદ કર્યો હોય,

મંદિરના ખાતમુહૂર્તની વિધિ પોતે કરી હોય,

મંદિરના બાંધકામ માટે પોતાના મસ્તકે ઈંટો અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય, અને

આ બ્રહ્માંડમાં એકમાત્ર પોતાનું સ્વરૂપ સ્વહસ્તે પધરાવ્યું છે એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર છે વડતાલ મંદિર...

આ મંદિરમાં સેંકડો સંતોએ, અસંખ્ય હરિભક્તો - સ્ત્રીપુરુષ - આબાલવૃદ્ધ સૌ કોઈએ ચેતના પ્રાપ્ત કરી છે.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી અને જોબનપગી, દલાભાઈ, વાસણ સુતાર તથા કુબેરભાઈ જેવા વડતાલના નરવાદારો ભક્તોના સમર્પણની સેવાથી સર્જાયેલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉપાસનાનું કેન્દ્ર **શ્રી વડતાલ મંદિર...**

સર્વાવતારી, સર્વોપરી સાક્ષાત્ પરબ્રહ્મ
પુરુષોત્તમનારાયણ
ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં
**યાવત્ ચંદ્ર દિવાકરૌ**
પોતાના આશ્રિતોને ઉપાસના દર્શન માટે
પોતાના સ્વરૂપની પ્રતિષ્ઠા કરી આપી હોય તેવો
વિશ્વના અધ્યાત્મજગતનો એકમાત્ર ઈતિહાસ છે.
અને એ છે વડતાલમાં કમલાકાર નવ શિખરોથી
શોભાયમાન મંદિરના દક્ષિણખંડમાં
ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિર કરાવી
વિ.સં. ૧૮૮૧ કારતક સુદ - ૧૨ના રોજ પ્રતિષ્ઠિત
કરેલું પોતાનું જ દિવ્ય સ્વરૂપ
શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવેલ છે...
સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે :

'तदन्तिके तु मे मूर्तिरस्ति स्वीयप्रसत्तये ।
धर्मभक्तियुता चास्ति मन्दिरे तूत्तरे मम ॥'

ભગવાન શ્રીહરિ સ્વમુખે કહે છે : ''દક્ષિણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણની સમીપે મારી મૂર્તિ મારા એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે છે. તેમજ ઉત્તર મંદિરમાં પણ ધર્મ ભક્તિએ સહિત મારી મૂર્તિ પોતાના ભક્તોની પ્રસન્નતા માટે છે.''

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૬)

જે જે લોકોએ આરાધન કરેલું છે તે તે જનોને મનોવાંછિત ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે ફળને આપતા થકા ભૂભાર ઉતારવાના નિમિત્તે પામર - પતિત મનુષ્યોને સમાશ્રય કરવા યોગ્ય અને સકળમનુષ્યને નયન ગોચર, શ્રેષ્ઠ અને પતિત, સર્વે સ્ત્રી પુરુષોને દર્શન આપતાં થકાં વૃત્તાલય ધામમાં કાયમને માટે પ્રગટ સ્વરૂપે બિરાજમાન છે. તે શ્રી સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના અધ્યાય ૬૮માં કહ્યું છે :-

।। वृतालये स भगवान् जयतीह साक्षात् ।।



શ્રી હરિકૃષ્ણ મહારાજ

# વૃતાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્

# વડતાલ મહિમાની સ્વલ્પ શબ્દોમાં ઝાંખી...

- સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

**'વૃત્તપર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય ।**
**વૃષસુતતણી મુખ્ય ગાદી જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે ॥'**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૩/૬૪)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ઐતિહાસિક દૃષ્ટિએ સમૃદ્ધ કહી શકાય એવા ઘણાં ગામો અને શહેરો છે. એ સ્થળોની સરખામણીમાં વસ્તી, વેપાર, વ્યવહાર, શિક્ષણ અને સંપત્તિ વગેરે દૃષ્ટિએ વડતાલ તો એક નાનું ગામ ગણાય. પરંતુ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે એ બધાં સ્થળોમાં એકમાત્ર વડતાલને પ્રિયાતિપ્રિય સ્થળ ગણીને **'તીર્થોમાં શિરોમણિ મોટું ધામ'** બનાવેલું છે. ભગવાન શ્રીહરિએ સંપ્રદાયમાં ઘણાં સ્થળોએ અનેક ઉત્સવો ઉજવ્યા છે, પરંતુ જો કોઈ સ્થળે વર્ષના બધા જ ઉત્સવો ઉજવ્યા હોય તો તેવું સ્થળ સંપ્રદાયમાં માત્ર એક જ છે - **વડતાલ.** ગઢડામાં વર્ષના બધા જ ઉત્સવો ઉજવેલા છે પણ ત્યાં વર્ષની બધી જ એટલે કે ચોવીશે એકાદશીઓના ઉત્સવો ઉજવેલા નથી, જ્યારે વડતાલમાં શ્રીજીમહારાજે એ ઉત્સવો પણ ઉજવેલા છે. આ હકીકતની નોંધ લેતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે :

'प्रतिवर्षं दुर्गपुराद्धरिर्वृत्तालयं पुरम् ।
मुहुर्जगाम नृपते ! धर्मस्थापन उद्यतः ॥
तेनोत्सवास्तत्र महान्त एव कृता ह्यनेकेऽखिलसौख्यकर्त्रा ।
वदामि तत्रैकतमं समासात्तेनानुमेया इतरेऽपि तद्वत् ॥'

''હે રાજન્, એકાંતિક ધર્મના સ્થાપન માટે ઉત્સાહી-ઉદ્યમી શ્રી સ્વામિનારાયણ ભગવાન દરેક વર્ષે વારંવાર ગઢપુરથી વડતાલ આવતા હતા. સમગ્ર ભક્તજનોને સુખ આપનારા શ્રીહરિએ વડતાલમાં અનેક મોટા ઉત્સવો કરેલા જ છે. તે અનેક ઉત્સવોમાંથી એક ઉત્સવનું વર્ણન હું સંક્ષેપમાં કરું છું. તેને આધારે બીજા ઉત્સવો કેવા થયા હશે, તેનું અનુમાન કરી લેવું.''

(શ્રી સત્સંગિજીવન : ૩/૪૬/૩૧-૩૨)

સંપ્રદાયના કેટલાક વિદ્વાન-કવિજનોએ ગઢડાને ગોકુળરૂપ ગણાવેલું છે એ તો બરાબર જ છે, પણ શ્રીજીમહારાજે સ્વમુખે જ વડતાલ જ્યાં આવેલું છે એવા ચરોતર પ્રદેશને **'स देशोऽस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानघ! ।'** પોતાને વૃંદાવન જેવો પ્રિય છે એમ કહ્યું છે. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૧૦) તેમજ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ પણ ભગવાન શ્રીહરિના વિચરણ મહિમાથી વડતાલને 'पुण्यभूमिर्वृन्दावनमिवोत्तमः । - વૃન્દાવન જેવી ઉત્તમ પુણ્ય ભૂમિ' કહેલી છે. (શ્રી સત્સંગિજીવન : ૩/૪૭/૫૭)

વૃંદાવન અને વડતાલની રાશિ જેમ એક છે તેમ એમની ઈતિહાસ કથામાં પણ ઘણું સામ્ય છે. **બ્રહ્મવૈવર્તપુરાણ**માં કહ્યું છે કે - સત્યયુગમાં મહારાજા કેદારની રાજકુમારી **વૃંદા**એ રાજવૈભવનો ત્યાગ કરીને વૃંદાવનમાં જે સ્થળે રાસલીલાનો મહોત્સવ ઉજવાયો હતો, (આજે જેને કુંજગલી-સેવાકુંજ કહે છે) તે સ્થળે બેસીને સ્ત્રીજાતિ માટે અતિ કઠણ એવું તપ ભગવાનને પ્રત્યક્ષ પતિરૂપે મેળવવાના હેતુથી કર્યું હતું. તેવી જ રીતે વડતાલમાં પણ ભૃગુઋષિની પુત્રી **લક્ષ્મી (રમા)**એ વૃંદાના હેતુ પ્રમાણે જ દ્વાપર યુગમાં તીવ્ર તપ કર્યું હતું. બંનેની મનોકામનાઓ પરમાત્માએ પ્રસન્ન થઈને પૂર્ણ કરી હતી. વૃંદાએ જે સ્થળે બેસીને તપ કર્યું હતું તેને ઈતિહાસમાં **'વૃંદાવન'** કહેવાય છે. અને લક્ષ્મીએ જે ગામના બદરીવૃક્ષ નીચે બેસીને તપ કર્યું હતું તે ગામને ઈતિહાસમાં 'વૃત્તાલય અથવા **વડતાલ**' કહેવાય છે. વૃંદાએ જ્યાં તપ કર્યું હતું તે સ્થળે દ્વાપર અને કળિયુગની સંધિમાં ભગવાન શ્રીકૃષ્ણે **રાસક્રીડા** મહોત્સવ ઉજવ્યો હતો. અને લક્ષ્મીજીએ જે ગામમાં બેસીને તપ કર્યું હતું તે ગામની રમ્ય ભૂમિ ઉપર ભગવાન





શ્રી સ્વામિનારાયણે વિ.સં. ૧૮૭૫માં **રંગક્રીડા મહોત્સવ** અને **પુષ્પદોલોત્સવ** ઉજવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલને ભગવાન શ્રી સ્વામિનારાયણની **લીલાભૂમિ** ગણાય છે. તે ઉપરાંત કર્મભૂમિ અને ઉત્સવભૂમિ પણ ગણાય છે. અને આજે વિશ્વમાં પણ પ્રસિદ્ધ ઉક્તિ છે કે **'નરસિંહ મહેતાની કરતાલ, ગાંધીજીની હડતાલ અને સ્વામિનારાયણની વડતાલ.'**

સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે શ્રીજીમહારાજે જેમ વિ.સં. ૧૮૬૨માં ગઢપુરના પ્રેમીભક્તોને નિત્ય દર્શનાદિકનો લાભ મળે તેવા હેતુથી શ્રી વાસુદેવનારાયણની મૂર્તિની સ્થાપના દાદાખાચરના દરબારગઢમાં ઉગમણાબારના ઓરડામાં કરી હતી. તેમ એ પછી બે વર્ષે વડતાલના પ્રેમીભક્તોને દર્શનાદિકનો લાભ મળે એટલા માટે વડતાલમાં પણ બદરીવૃક્ષની બાજુએ એક ઓરડીમાં શ્રીનરનારાયણદેવની યુગલ મૂર્તિ પધરાવી હતી. **સંપ્રદાયમાં મંદિર કરવા માટે સૌથી પહેલી પ્રાર્થના-યાચના અને સૌથી પહેલો દસ્તાવેજ વડતાલ**ના ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાવાળા ભક્તોએ કરી આપેલો છે. જો કોઈ સ્થાનને **તીર્થશિરોમણી** મોટું ધામ બનાવવાની ઈચ્છા શ્રીજીમહારાજે જાહેરમાં વ્યક્ત કરી હોય તો તે પહેલી વહેલી એકમાત્ર વડતાલ માટે જ કરેલી છે. ભગવાન શ્રીહરિએ અમદાવાદ, ભૂજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા - આ છ સ્થળોએ મંદિરો કર્યા અને તેમાં સ્વહસ્તે ભગવત્પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી છે પરંતુ એ પૈકી કોઈ મંદિર માટે જો પોતે જાતે **ખાતપૂજન** કર્યું હોય તો તેવા સ્થળો બે જ છે : ૧. વડતાલ ૨. ગઢડા. પોતે કરાવેલા મંદિરો પૈકી જો કોઈ મંદિર માટે શ્રીજીમહારાજે પોતે ઈંટો, પથ્થર અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય તો તે પહેલા વડતાલ મંદિર માટે અને પછી ગઢડા મંદિર માટે જ ઉપાડેલા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે **પ્રત્યક્ષ દેખરેખ** નીચે છ મંદિરોમાંથી કોઈ મંદિર કરાવ્યું હોય તો એવા સ્થળ બે જ છે : ૧. વડતાલ ૨. ગઢડા. સંપ્રદાયમાં પોતે કરાવેલા મંદિરોમાં **'જે મંદિરમાં ધર્મ-ભક્તિ છે ત્યાં જ હું છું અને જ્યાં હું છું ત્યાં જ ધર્મ-ભક્તિ છે '** એવું કહીને ધર્મ-ભક્તિ અને શ્રી વાસુદેવની મૂર્તિઓની પહેલી વહેલી પ્રતિષ્ઠા કરી હોય એવું સ્થળ એકમાત્ર વડતાલ જ છે. આ બ્રહ્માંડમાં એકમાત્ર પોતાનું શ્રી હરિકૃષ્ણ નામે સ્વરૂપ સ્વહસ્તે પધરાવીને પ્રતિષ્ઠા કરી હોય એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર સ્થળ વડતાલ મંદિર છે.




શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાકાર્યો શ્રીજીમહારાજે વડતાલમાં બિરાજીને કરેલા છે. ભગવાન શ્રીહરિએ પોતાને સ્થાને **આચાર્યપદની સ્થાપના** વિ.સં. ૧૮૮૨ના કાર્તિક સુદ - ૧૧ના રોજ વડતાલમાં બિરાજીને કરી છે, પોતાની વાણીરૂપા મૂર્તિ ભગવતી **શિક્ષાપત્રીની રચના** સર્વજીવોના હિતાર્થે શ્રીજીમહારાજે વડતાલમાં વિ.સં. ૧૮૮૨ના મહા સુદ - ૫ (વસંતપંચમી)ના દિને કરેલી છે, જ્યાં ઉપનિષદ્ સમા **૨૦ વચનામૃતો**ના શબ્દોનો ગુંજારવ કર્યો છે, ત્યાગીવર્ગમાં **મંડળો** (મંડળ એટલે જેમાં એક કરતાં વધુ ત્યાગીઓ હોય તેવાં પાંચસો મંડળો)ની યોજના અને ત્યાગી વર્ગે જોડ સિવાય એકલા ન રહેવું અને જોડ સિવાય એકલા મંદિર બહાર ન જવાનો પ્રબંધ પણ ભગવાન શ્રીહરિએ વડતાલમાં બોરડી નીચે બિરાજીને કરેલ છે, (સં. ૧૮૬૮ કારતક વદ - ૪)

સંતો માટે **ધર્મશાળા**નું નિર્માણ પહેલું વહેલું વડતાલમાં જ થયું છે. ધર્મકુળનું સપરિવાર સૌપ્રથમ **આગમન** પણ અહીં જ સં. ૧૮૭૫ના ફાગણ સુદ - ૧૧ના દિવસે થયેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે છ મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી છે, પરંતુ **વડતાલ મંદિર માટે** શ્રીજીમહારાજે જે શબ્દો ઉચ્ચારેલા છે તેવા બીજા કોઈ મંદિર માટે ઉચ્ચારેલા નથી.

'पौर्णमास्यां पौर्णमास्यां ये च ग्रामान्तरादपि ।
एत्यैषां दर्शनं भक्त्या करिष्यन्त्यत्र मानवाः ॥
सर्वे मनोरथास्तेषां सिद्धिमेष्यन्ति निश्चितम् ।
भुक्तिं तथेप्सितां मुक्तिं प्राप्स्यन्त्येषां प्रसादतः ॥'

"જે મનુષ્યો દરેક પૂનમને દિવસે બીજાં ગામોથી પણ વૃત્તપુરીમાં આવીને આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોનાં દર્શન ભક્તિથી કરશે. તે મનુષ્યોના સર્વે મનોરથો સિદ્ધ થશે. તે મનુષ્યો પોતાને ઈચ્છિત ભુક્તિ તથા ઈચ્છિત મુક્તિ

આ લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોના અનુગ્રહથી પામશે. એમાં સંશય નથી.''

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૭/૫૮-૫૯)

વિ.સં. ૧૮૭૫ના ફાગણ મહિનાનો હુતાશની-પુષ્પદોલોત્સવ ઉજવવો હતો ત્યારે શ્રીજીમહારાજે સંતોને સુંદર ગામ શોધવાની આજ્ઞા કરી હતી. તે સમયે વડતાલ જેવું કોઈ સ્થાન સંતો તેમજ ભગવાન શ્રીહરિના નજર સમક્ષ આવ્યું નહોતું. જેની નોંધ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લેતા લખે છે :

**'વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ;**
**સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ.'**

(ભક્તચિંતામણી : ૭૪/૧૫)

વડતાલ ગામના મહિમાનો પાર આવે તેમ નથી, કારણ કે વડતાલની વરવી વસુંધરાના કણ કણમાં શ્રીજીમહારાજ અને નંદસંતો પરમહંસોના પવિત્ર પાદારવિંદથી પાવન થયેલ ભૂમિમાં આધ્યાત્મિકતાના દિવ્ય સ્પંદનો ગુંજી રહ્યા છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી લખે છે :

**'ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણરેતી વિના ક્યાંઈ;**
**ઝાડે ઝાડે તથા ઘેર ઘેર, વિચર્યા છે પ્રભુ રુડી પેર.**
**હરિ ઝુલ્યા છે સરસ હિંડોળે, રંગ ખેલ કર્યો ફુલદોળે;**
**સમૈયા ઘણા વરતાલે કીધા, પરચા ઘણા લોકને દીધા.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૫૭-૫૯)

આ ધામના મહિમાને કલમ શબ્દોમાં ગુંથી શકવા સમર્થ નથી. એટલે તો પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ ટૂંકમાં કહ્યું છે :

**'એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે;**
**ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૩/૬૧)

આ વૃત્તાલયનું નામભગવાન શ્રી નારાયણના જ શબ્દો પ્રમાણે **શ્રી લક્ષ્મીજીના તપનું સ્થાન** એવો અર્થ થાય છે :

'तपोवृत्तस्य ते यस्मादालयो वर्तते त्विदम् ।
ततोऽस्मिन् भविता स्थाने पुरं वृत्तालयाभिधम् ।।'

ભગવાન શ્રી લક્ષ્મીજી પ્રત્યે કહે છે : ''હે લક્ષ્મીજી ! આ સ્થાન તમારા તપરૂપ વૃત્ત (વ્રત)ના આલય=સ્થાન રૂપ હોવાથી આ સ્થાનમાં **વૃત્તાલય** નામનું પુર થશે. આ પ્રમાણે સાર્થક કરેલું છે.''

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૫/૩૧)

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં વડતાલનો મહિમા કહેતા લખે છે :

જે જનો વૃતાલયપુરમાં રહેલા લક્ષ્મીનારાયણ આદિક દેવોના હંમેશા દર્શન કરે છે તે જનો નિશ્ચય મુક્તિ પામેલા છે, માટે તેમને ધન્ય છે, જન્મથી આરંભીને જે જને કદી પુણ્ય નથી કર્યા તેવો મનુષ્ય આ વૃત્તાલયના દર્શનથી જ **પુણ્ય ભાગી** થાય છે.

સમગ્ર તીર્થોના દર્શન કરીને પણ જે મનુષ્ય વૃત્તાલય જો ન જુએ તો તેની યાત્રા પૂર્ણ થાય નહિ. તેમજ સમગ્ર તીર્થનું પણ ફળ તેને ન થાય. પૃથ્વી ઉપરના સર્વ તીર્થોમાં જે પ્રમાદને લીધે જઈ શકતો નથી પરંતુ કેવળ વૃત્તાલયપુરના જ જે દર્શન કરે છે તેવા મનુષ્યોને **સર્વ તીર્થનું ફળ** થાયછે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬/૧૦-૧૨)

'द्वारिका मथुरा माया काश्ययोध्या ह्यवन्तिका ।
काञ्ची तुल्या न सप्तैता अन्यक्षेत्राण्यनेन वै ॥
कलिप्रवेशरहिते पुरे पुण्येऽत्र भूपते ।
ये वसेयुः कलेर्वश्यं प्राप्नुयुश्च न ते जनाः ॥'

પૃથ્વી ઉપર દ્વારિકા, મથુરા, માયા, કાશી, અયોધ્યા, અવંતિકા, કાંચી આ પુરીઓ આ વૃત્તાલયની સમાન નથી. તેમજ અન્ય ક્ષેત્રો પણ આની તુલ્ય નથીજ.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬/૧૩-૧૪)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં ઉપરોક્ત પ્રમાણે જ લખે છે :

**'પરમ પુનિત પૃથ્વી પૃથ્વીપાળ,**
**પુર વરતાલ તણી ઘણી રસાળ;**
**પુનિત સુપુરી સાત જે ગણાય,**
**પણ વરતાલ સમાન તે ન થાય.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬/૬૨)

'काश्यादौ वसतां पुंसां यावज्जीवं तु यत्फलम् ।
स्यात्पुरेऽस्मिन्निवसतां दिनेनैकेन तत्फलम् ॥१६॥
चिन्तितं मनसाऽप्येतत्पातकं शतवर्षजम् ।
पापं हरेदपि जनैः कीर्त्तितं सप्तजन्मजम् ॥१८॥'

કાશી વગેરેમાં જીવન પર્યન્ત રહેનારા પુરુષોને જે ફળ થાય તે ફળ વૃત્તાલયમાં રહેનારાઓને ફક્ત એકજ દિવસમાં થાય છે. **વૃત્તાલયપુરનું મનથી જે ચિંતવન કરે છે તેના સો વર્ષમાં કરેલા પાતકો નાશ થાય છે.** જે જનો **'વૃત્તાલય'** એ પ્રકારનું ફક્ત નામ ઉચ્ચારણ કરે છે તેના સાત જન્મમાં કરેલા પાપ નાશ પામે છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬)

તો ચાલો... આપણે આવા આ મોક્ષસંપત્તિની સમગ્ર રિદ્ધિ-સિદ્ધિથી ભરપૂર વડતાલ-ક્ષેત્રના તમામતીર્થસ્થાનોના, તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણથી સંકલિત આ 'ચિંતન વિશેષાંક'ના માધ્યમથી દરેક સ્થળની માહિતીસભર દર્શન કરી કૃતાર્થતા અનુભવીએ...

# શ્રી વડતાલ દર્શન

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



## શ્રી લક્ષ્મીનારાયણ દેવ

ભારતના નંદનવનસમા ગુજરાતના મધ્યે આવેલ ચરોતરની ચારું કમનીય મખમલસમ ધરતીમાં વૃતાલય ગામમાં પૂર્વે આ જગ્યાએ લક્ષ્મીજીએ શ્રી નારાયણ પ્રભુને પ્રસન્ન કરવા માટે અતિ ઉગ્ર આકરુ તપ કર્યું હતું. તેમના ફળરૂપે અત્રે શ્રી લક્ષ્મીનારાયણદેવ બિરાજે છે. 'वृत्तस्य तपोरुप व्रतस्य आलयं स्थानं वृत्तालयम् ।' - શ્રી લક્ષ્મીજીના તપરૂપી વ્રતનું સ્થાન છે માટે **વૃત્તાલય** એવું નામ ભગવાને જ રાખેલું છે.

વડતાલમાં મંદિર થતું હતું ત્યારે લક્ષ્મીનારાયણદેવની યુગલમૂર્તિ જેવી જોઈએ તેવી ઘડાતી ન હતી. તેથી શ્રીજીમહારાજે કહ્યું કે લક્ષ્મીનારાયણની મૂર્તિઓ તો વડોદરામાં છે. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી આ યુગલમૂર્તિ લેવા વડોદરા ગયા.ત્યાં શ્રીજી મહારાજે સ્વપ્નમાં દર્શન આપી; મૂર્તિ ક્યાં મળશે તે કહ્યું ને મૂર્તિ લઈને વડોદરાથી વરતાલ આવતા હતા ત્યાં નિત્યાનંદ સ્વામીને સંકલ્પ થયો કે આ મૂર્તિ ગઢપુરમાં પધરાવવા જેવીછે એવું જાણીને ગાડાને ગઢપુરના માર્ગે વાળ્યું. ત્યાં મૂશળધાર વરસાદ નડ્યો ને મૂર્તિને બોચાસણમાં કાશીદાસને ઘરે મૂકી; શ્રીજીમહારાજની વડતાલ પધરાવવાની જ ઈચ્છા જાણી સંવત ૧૮૮૧ના કારતક સુદ -૧૨ના રોજ મંદિરના મધ્યખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ને શ્રીહરિએ કહ્યું :- "જેવી વૈકુંઠમાં મૂર્તિછે તેવી આ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે. **બ્રહ્મચર્ય રાખી સો વર્ષ સુધી ચાર ધામમાં ફરે તેનાથી એકવાર અહીં દર્શન કરે તેને અધિક ફળ મળે છે** તેવું દૈવત આ મૂર્તિમાં છે. ભાવ વિના પણ દર્શન કરશે તે ફરી મનુષ્યતન પામશે અને સત્સંગ કરી અવિનાશી સુખ મેળવશે. શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણદેવ સ્વરૂપે પોતાના ભક્તોને સુખ, સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર, પરિવાર, વિદ્યા, બળ, બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ વિગેરે તમામ મનોવાંછિત ફળને આપે છે.

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવનો મહિમા કહેતા લખે છે :

'लक्ष्मीनारायणादीनां कुर्वतामत्र दर्शनम् । एकाहेन फलं हि स्याच्चन्द्रपर्वशतोद्भवम् ॥३०॥'

અહીં શ્રી લક્ષ્મીનારાયણાદિના દર્શન કરનારાઓને એક દિવસમાં સો ચંદ્ર પર્વથી થતું ફળ થાય છે. સો ચંદ્રગ્રહણોમાં કરોડ ગાયોના દાન કુરુક્ષેત્રમાં અર્પણ કરવાથી જે પુણ્ય થાય છે તે અહીં શ્રી લક્ષ્મીનારાયણના એક દિવસના ક્ષણમાત્રના દર્શનથી થાય છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૬)



# શ્રી રણછોડરાયજી

ભગવાન શ્રીકૃષ્ણે ભૂ-ભારરૂપ અનંત અસુરોનો નાશ કરી દ્વારિકાને પોતાની રાજધાની બનાવી રણછોડરાય રૂપે વિખ્યાત થઈ અને દ્વારિકામાં કાયમને માટે નિવાસ કરીને રહ્યા. તેજ ભગવાન સર્વ તીર્થ શિરોમણીરૂપ **ગોમતીજી** તથા પોતાનાં અપરિમિત કલ્યાણકારી **દિવ્યાયુધ** શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિત સ.ગુ શ્રી સચ્ચિદાનંદ સ્વામીની સાથે સપરિવાર સ્વભક્તોનાં સમગ્ર પાપોનો સમૂળો નાશ કરવાને માટે વડતાલ ધામમાં પધાર્યા. આ સ્વરૂપ વડતાલધામ મંદિરના મધ્ય દેરામાં શ્રી લક્ષ્મીનારાયણદેવ સમીપે પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે વિ.સં. ૧૮૮૨ ચૈત્ર વદ - ૭ના રોજ શ્રી રણછોડરાયજીની મૂર્તિની વેદોક્ત વિધિથી આનંદોલ્લાસભર્યા વાતાવરણમાં પ્રતિષ્ઠા કરી હતી.

આ સ્વરૂપનાં દર્શન, મનન, ચિંતવનથી મનુષ્યનાં કળિનાં તમામ કલ્મષ (પાપ) નાશ થાય છે. માટે જ આ સ્વરૂપનાં સબંધથી **ગોમતી સ્નાન**નો મહિમા અને **તપ્તમુદ્રા**નો મહિમા અપરંપાર છે.

**'મુંબૈના પતિને મળ્યા નૃપગટે  આચાર્ય હસ્તે વળી,**
**સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.**

(શ્રીહરિલીલામૃત : ૯/૧)

# શ્રી રાધાકૃષ્ણ દેવ



અનંત કોટિ બ્રહ્માંડના પતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વસ્વરૂપ હરિકૃષ્ણ મહારાજની પડખે પોતાનું અવતાર સ્વરૂપ રાધાકૃષ્ણ પધરાવ્યું. રાધા નામે પોતાની શક્તિ તેનું શ્રીહરિ શિક્ષાપત્રીમાં સર્વપ્રથમ સ્મરણ કરે છે. वामे यस्य स्थिता राधा રાધા એટલે શું ? રાધા શબ્દનો **'ર્'** કાર અનેક જન્મના પાપ અને કર્મ શુભાશુભનો નાશ કરે છે. **'આ'** કાર ગર્ભવાસ અને મૃત્યુરોગનો નાશ કરે છે. **'ધ્'** કાર આયુષ્યની હાનિનો નાશ કરે છે 'આ' કાર ભવબંધનનો નાશ કરે છે. તથા **'ર્'** કાર કૃષ્ણની નિશ્ચલ ભક્તિ અને ભગવાનના ચરણારવિંદમાં દાસત્વપણું ઈચ્છિત આનંદ તથા સર્વસિદ્ધિ આપે છે. 'ધ્' કાર સાયુજ્ય, સારુપ્ય અને તત્ત્વજ્ઞાન સંબંધી સુખ આપે છે. 'આ' છે તે  તેજ, દાન, શક્તિ, યોગશક્તિ, અને સર્વ સમયને વિશે ભગવાન શ્રીહરિની સ્મૃતિ ને આપે છે.

કૃષ્ણ એટલે સદાનંદ સ્વરૂપ હોવાથી સ્વાશ્રિતોના સકલ કહેતાં બધાજ દુઃખોનું ઉલ્મૂલન કરે છે.  આલોક અને પરલોકમાં પોતાનાં ભક્તોને ઈચ્છિત તમામ સુખ આપતા થકા **સ્વાવતારી સ્વરૂપ, ભક્તોનાં પરમધ્યેય સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની સમીપે**



# શ્રી ધર્મ-ભક્તિ શ્રી વાસુદેવનારાયણ

વડતાલ મંદિરના ઉત્તરખંડમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી સાથે વાસુદેવ સ્વરૂપે બિરાજમાન થઈને દર્શન દાન આપી રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પિતા ધર્મદેવ તથા માતા ભક્તિદેવીનું પ્રતિષ્ઠા-પૂજન- અર્ચન કરી **''માતૃદેવો ભવ''** તથા **''પિતૃદેવોભવ''**ના ઔપનિષદ આદર્શનું સ્થાપન કર્યુ છે. સાથે વાસુદેવ સ્વરૂપે પોતે સ્વયં દર્શન આપી ભક્તોના દુઃખ, કલેશ, ચિંતા, ભય, આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મમરણ, લખ ચોરાશી વિગેરે દૂર કરી ભક્તોને સુખ-સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, ધનધાન્ય, પુત્ર પરિવાર, વિદ્યા, બળ બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ વગેરે મનોવાંછિત ફળને આપી રહ્યા છે.

પોતાના એકાંતિક ભક્તોનાં સમગ્ર દુઃખ કલેશ, ચિંતા, ભય, આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ મરણ લખચોરાશી, ગર્ભવાસનો સદાને માટે સમગ્રપણે સમૂળ નાશ કરવા માટે તથા **પોતાના ભક્તના સકળ કાર્યના મંગળને સર્વથા વિસ્તારવા માટે અને સ્વભક્તોના આત્યંતિક કલ્યાણ ને માટે** પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી સાથે **વાસુદેવ સ્વરૂપે** બિરાજમાનછે.

# શ્રી લક્ષ્મીનારાયણદેવનો મંડપ



સં.૧૮૮૨ ના મહા સુદ - ૧ને દિવસે શ્રીજીમહારાજ શ્રી વડતાલ મધ્યે સંધ્યા આરતી થઈ ગયા પછી શ્રી લક્ષ્મીનારાયણના મંડપમાં ગાદી તકિયા નંખાવીને વિરાજમાન થયા. પોતાની ચારેકોરે મંડપને ઉપર તથા હેઠે પરમહંસ સર્વે તથા દેશદેશના હરિભક્ત સર્વે બેઠા હતા. (વચ. વડતાલનું ૧૮મું) શ્રીજીમહારાજ આ મંદિરના મંડપમાં અનેક વખત પોઢેલા છે, થાળ જમેલા છે, સભા ભરી કથાવાર્તા કરેલી છે. દંડવત કરેલા છે, તેથી આ મંદિર તુલ્ય બીજુ કોઈ સ્થાન આવતું નથી. આ મંદિરના ઘુમ્મટમાં શ્રીજીમહારાજના જીવન પ્રસંગોની મૂર્તિઓનું સુંદર કામ થયેલું છે. જે પૂતળા નચાવ્યા હતા તે આ ઘુમ્મટમાંછે.

# શ્રી હરિમંડપ



लिखामि सहजानंदस्वामी सर्वान्निजाश्रितान् ॥

नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥

વડતાલ ધામમાં આવેલા અગત્યના પ્રસાદિના સ્થાનોમાં સૌથી વધુ વૈશિષ્ટ્ય ધરાવતું કોઈ સ્થાન હોય તો તે હરિમંડપ છે. શ્રીહરિએ પોતાના નિવાસથી આ મંડપને તીર્થોત્તમનું સૌભાગ્ય આપ્યું છે. એટલુંજ નહિ સત્સંગની પ્રસિદ્ધિ પ્રમાણે વડતાલ વિહારીના વાઙ્મય સ્વરૂપ શિક્ષાપત્રી પણ આપણને અહિંથી જ પ્રાપ્ત થઈ છે.

જ્યારથી આ વિશ્વનું સર્જન થયુ અને આધ્યાત્મિકતાનો સૂર્યોદય થયો ત્યારથી આજ સુધીમાં સ્વયં પરબ્રહ્મના હસ્તે આલેખાયેલ કોઈ ગ્રંથ રત્ન હોય તો તે આપણી આચાર સંહિતા **'શિક્ષાપત્રી'** જ છે અને તેનું આ મંડપમાં જ પ્રાગટ્ય થયુંછે એવો પવિત્ર આ હરિમંડપછે.

મંદિરથી નૈઋત્ય ખુણામાં પૂર્વે અહિં એક કોઠી હતી. તેને પડાવીને સ્વયં શ્રીહરિએ આ મંડપની રચના કરાવી છે. **'હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય; પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિયે કરાવ્યો.'** એ પણ સંતોને ધ્યાન માટે..... ભગવાન શ્રીહરિ અહિં નિવાસ કરીને રહેતા તેની ચિરંતન સ્મૃતિ રૂપે આજે પણ સ્નાન માટેની ચોકડી, સ્નાન માટે પાણીની તાંબા કુંડી, પાણી ગરમ કરવાનું દેગડું અને અનેક પ્રસાદિની વસ્તુઓ વગેરે દર્શકોની આંખોને શાતા આપી રહ્યા છે.

આ સ્થાનની અનેક દિવ્ય લીલાઓ છે. એકવાર શ્રીહરિ શુકાનંદ સ્વામી પાસે પત્ર લખાવી રહ્યા હતા તેવામાં પવનની લેરખી આવી ને દીવો બુજાય ગયો.... અંધકારના આ સમયે શ્રીહરિએ પોતાના જમણા ચરણમાંથી ધવલ તેજ રશ્મિઓ પ્રગટ કરીને શુકાનંદ સ્વામી પાસે પત્ર પૂર્ણ કરાવ્યો.

એકવાર ભગવાન શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી આદિક ભણનારા સંતોને બોલાવી કહ્યું કે ''અમે સૌને ધ્યાન કરવા માટે યોગ્ય અને એકાંત સ્થાન નારાયણ મહોલ કરાવેલ તે રામપ્રતાપભાઈને ધ્યાન કરવા અને રહેવા આપ્યો પછી હરિમંડપ કરાવ્યો તે સૌને ધ્યાન કરવા માટે અનુકૂળ છે. **અક્ષરમુક્તો પણ હરિમંડપમાં આવી ધ્યાન કરે છે** અમે અક્ષરમુક્તોને હરિમંડપમાં આવવાનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો કે **''આ હરિમંડપ ને અક્ષરધામ એક છે.** અહીં જે તમારું રૂપ છે તે અક્ષરધામમાં છે. માટે અમે અહીં આવીને તમારું ધ્યાન ધરીએ છીએ.'' એમકહી શ્રીહરિએ ભણનારા સંતોને આજ્ઞા કરી કે તમે સૌ ભણનારા કલ્યાણ માટે હરિમંડપમાં મારી મૂર્તિમાં ચિત્ત રાખી ધ્યાન કરજો. આ પ્રમાણે શ્રીહરિનું અતિ પ્રિય નિવાસ સ્થાન હોવાથી આ સ્થળનું મહત્ત્વ ખૂબજ વધારે છે. શ્રીહરિમંડપની અન્ય લલિત લીલાઓ સાંપ્રદાયિક ગ્રંથો દ્વારા માણવા જેવી છે.

આજે અહિં શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટ પ્રતિમા - પ્રસાદીની ૬૩ જેટલી અર્ચા છબિઓ અને સુખશય્યાના દર્શન થાય છે...નીચેના ભાગે શિક્ષાપત્રી આલેખનની દિવ્ય ક્ષણોને જીવંત બનાવતી શ્લોકાત્મક સ્મૃતિઓ કંડારવામાં આવી છે.

**'રુડો હરિમંડપ નૈરુતે છે, પ્રસાદીનું સ્થાન પવિત્ર એ છે; જહાં બીરાજી જનને પ્રબોધિ, શિક્ષાની પત્રી ઘનશ્યામ શોધિ.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૫/૩૪)

# શ્રી અક્ષર ભુવન



પરબ્રહ્મ પરમાત્માના પ્રાગટ્યથી અવનિ ધરા મટીને ધામ બને છે. તેમના સંયોગમાં આવેલી પ્રત્યેક વસ્તુ વ્યક્તિ યા સ્થળ કાળથી પર થઈને ચિરંતન દિવ્ય બની, દર્શનીય બનીને યાવત્ ચંદ્રદિવાકરૌ દર્શકોના કર્મબંધન છોડાવતી રહે છે.

આ અક્ષરભૂમિના મસ્તકે મુકુટરૂપે સંપ્રદાયના ઈતિહાસ ગગનમાં પૂર્ણ ચંદ્રવત્ શીતળ - શાંત પ્રકાશ પાથરતા વરતાલ ધામના મુખ્ય મંદિરની પાસે જ એક-બે માળનું મકાન આવેલું છે; જેને આપણે **અક્ષરભુવન**ના નામથી ઓળખીએ છીએ.

આ અક્ષરભુવન **સનાતન ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ**ના કાર્યમંદિરના સુવર્ણકળશ સમુ ઉત્તમોત્તમકાર્ય છે. સંસ્કૃત પ્રાકૃત ગ્રંથ રચના, હજારો હરિભક્તોને કથા - વાર્તાથી તૃપ્ત કરી સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરનાર આચાર્ય પ્રવરે શ્રીહરિના સાક્ષાત સંબંધથી પાવન થયેલી, દિવ્યાનંદ બક્ષતી અને અપ્રાપ્ય બનતી જતી પ્રસાદીભૂત નાનાવિધ વસ્તુઓનું સંકલન કર્યું. નખકેશ - અસ્થિ - ચરણારવિંદ-હાર - મુગટ - ઘરેણાઓ - વસ્ત્રો - રજાઈઓ - ચાખડીઓ - વાસણો - કંઠી - માળા - બેરખાઓ - રૂપિયાઓ - લાકડીઓ વિગેરેનું સંકલન કરવામાં ગામડે ગામડે સત્સંગીઓના ઘેર - ઘેર ફરીને પ્રચંડ પુરુષાર્થ કર્યો.

શ્રીજીમહારાજ જ્ઞાનબાગમાં બે આંબા વચ્ચે જે **બાર બારણાના હિંડોળા**માં ઝૂલ્યા હતા તે પણ વચલા બારણાંઓ વિનાની હાલતમાં અક્ષરભુવનમાં સચવાયેલો છે. જોબનપગી મહારાજને જે વેલડામાં (રથમાં) બેસાડીને વડતાલ લાવેલા તે વેલડું પ્રસાદીનું અહીં રાખવામા આવેલ છે. જે **આરતી** વડે ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિપ્રતિષ્ઠા વખતે આરતી ઉતારી હતી તે આરતીની બાજુમાં નીલકંઠવર્ણીએ વનમાં સાથે રાખેલ સર્વશાસ્ત્રના **સારરૂપ ગુટકો,** મહાભારતનું ઐતિહાસિક **પુસ્તક,** જુદાં જુદાં પ્રસંગે પહેરેલી **ચાખડીઓ** તથા હરિભક્તોને પાડી આપેલા **ચરણારવિંદો** છે. જે રથમાં બેસીને શ્રીજીમહારાજ બોચાસણથી વડતાલ આવ્યા હતા તે **રથ** છે તેમજ શ્રીજીમહારાજે કારિયાણીમાં ઉડાડેલ રોકડા **રૂપિયા** છે તે રૂપિયા પહેલા માળે શ્રી ઘનશ્યામમહારાજના સિંહાસનની નીચેની બે થાંભલીઓમાં જડેલા છે. તેનો ઈતિહાસતો સૌ કોઈએ જાણવા અને સમજવા જેવો છે. વચનામૃતમાં ઉલ્લેખાયેલા **ચોફાળો** અને **રજાઈઓ** પૈકી કેટલીક અક્ષરભુવનમાં હજી જળવાઈ રહી છે.

ત્રીજા માળે ભગવાન શ્રીહરિની પ્રસાદીની મૂર્તિઓ, નકશીકામવાળા દરવાજા, પાલખી, બાજોઠ વિગેરે વસ્તુઓ સાચવી રાખેલ છે. (૧) કુશળ કુંવરબાઈએ આપેલ મુગટ અને (૨) પોતે નિત્ય પૂજતા તે વાસુદેવનારાયણની મૂર્તિ પણ સાચવવામાં આવેલ છે.

વડતાલમાં અક્ષરભુવનની યોજના થઈ ત્યાર બાદ તે ઉપરથી અન્ય મંદિરોમાં પણ એવી યોજના થયેલી છે. પણ એનું પ્રમાણ અલ્પ છે. જ્યારે અક્ષરભુવનમાં સંગ્રહાયેલી વસ્તુઓનું વૈવિધ્ય અને પ્રમાણ વિશાળ અને અતિ રસપ્રદ છે. એનું અખંડ સ્મરણ, ચિંતન કરનારા આત્યંતિક કલ્યાણના નિઃશંક અધિકારી બને છે.



# મંદિરની પ્રદક્ષિણામાં આવેલી છત્રી

**'મંદિરે છે પ્રદક્ષિણા જેહ, જાણો પ્રભુપદ અંકિત એહ;**
**એક માસ સુધી રુડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણ, મંદિર બંધાવી તેમાં પોતાના સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી મનુષ્યનાટ્ય કરતા એવા શ્રીજીમહારાજ દરરોજ ૨૦૦ પ્રદક્ષિણા કરતા અને વિશ્રાંતિ માટે મંદિરના પાછળના ભાગમાં બેસતાં ને અહીં બેસીને ગોમતી ગળાવવાનો, શિક્ષાપત્રી લખવાનો ને પાપ અને સંસૃતિને નાશ કરનારી તપ્તમુદ્રા (છાપો) આપવાનો સંકલ્પ અહીં કરેલ છે. અને તેની સ્મૃતિ માટે અહીં છત્રી બનાવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલ છે. મંદિરની પ્રતિષ્ઠા કરીને આ સ્થળે વેદિકા ઉપર વિરાજમાન થઈને મંદિરમાં પધરાવેલ મૂર્તિઓનો મહિમા સ્વમુખે વર્ણવેલ છે.



# આચાર્યશ્રી સ્થાપના સ્થાન

(મંદિર પાછળનો ઓટો)

**'જેને સતસંગની વાત ભાવી, તે તો જાત્રા કરે અહીં આવી;**
**જાણે માહાત્મ્ય મનમાં સહી, તે તો આવ્યા વિના રહે નહી.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૪૫)

શ્રીહરિ મહાપ્રભુએ સંપ્રદાય સંચાલનમાં પાયારૂપ ત્રણ સંકલ્પો કર્યા હતા તે પૈકી ભાવિ મનુષ્યોને ભક્તિ માર્ગની પુષ્ટિ માટે મંત્ર દીક્ષાની આવશ્યકતા પૂર્ણ કરવા આચાર્યપદનું સ્થાપન કરવાનો સંકલ્પ મહત્વપૂર્ણ હતો. પોતાનો સંકલ્પ સંતોને જણાવ્યો ત્યારે નિવૃતિ ધર્મપરાયણ સંતોએ ગુરુપદનો ભાર ધર્મવંશમાં આચાર્યપદ સ્થાપન કરવા આગ્રહ સાથે જણાવ્યું હતું. તદ્નુસાર **સં. ૧૮૮૨ ના કાર્તિક સુદ - ૧૧ ના શુભદિને** અપરાહ્ન સમયે (હાલ શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિર પાછળ ચોકમાં આરસનો ઓટો છે ત્યાં) **સભા** થઈ હતી. ભગવાન શ્રીહરિએ પોતાના બંને ભાઈઓને કહ્યું : ''મારી ઈચ્છા ન હોવા છતાં ગુરુની આજ્ઞાથી અદ્યાપિ પર્યન્ત મેં ધર્મધુરા વહન કરી છે. હવે નિવૃત્તિ લેવી છે માટે તમો બંને એક એક પુત્ર મને આપો. બંને ભાઈઓએ સંમતિ આપી, તુરંત વૈદિક બ્રાહ્મણો પાસે દત્તવિધિ કરાવી મોટા ભાઈ શ્રી રામપ્રતાપજીના પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી અને નાનાભાઈ શ્રી ઈચ્છારામજીના પુત્ર શ્રી રઘુવીરજીને **દત્તપુત્ર** તરીકે સ્વીકાર્યા - બે લેખ તૈયાર કરાવી 'ઉત્તર વિભાગ' - 'દક્ષિણ વિભાગ' એ રીતે ભારત દેશના વિભાગ કરી આપ્યા. બંને લેખમાં પુત્રોના હસ્તાક્ષર કરાવ્યા. પોતાના હાથમાં બંને પુત્રને એકેક પત્રિકા લઈ લેવા કહ્યું. તે પ્રમાણે કરતા શ્રી રઘુવીરજીને **શ્રી લક્ષ્મીનારાયણ દેવનો દેશ** અને શ્રી અયોધ્યાપ્રસાદજીને **શ્રી નરનારાયણ દેવનો દેશ** મળ્યો. આ પ્રમાણે બંને દત્તપુત્રોને સંપ્રદાયના આશ્રિત ત્યાગી-ગૃહી ભક્તોના ગુરુપદે સ્થાપ્યા. મંદિર પાછળ ઓટો છે, તે સ્થળે બિરાજીને ભગવાન શ્રીહરિએ દત્તવિધાન જેવું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેથી **આ સ્થળ પવિત્ર દર્શનીય અને પાપોને નાશ કરનારું છે,** અંતકાળે પણ આની સ્મૃતિ થઈ આવે તો ગમે તેવો પાપી જીવ પણ પાપથી મુકાશે તેમાં લેશ માત્ર સંશય નથી.

# શ્રી સભામંડપ



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શિખરબંધ મંદિરો પૈકી વડતાલના મંદિરમાં જેવો વિશાળ અને કલાત્મક સભામંડપ છે. તેવો અન્યત્ર ક્યાંયે હજુ સુધી બંધાયેલો નથી આપણે જો એમ કહીએ કે ગુજરાત અને મહારાષ્ટ્રનાં મંદિરોમાં પણ આવો મોટો સભામંડપ ક્યાંયે જોવા મળતો નથી તો તેમાં ભાગ્યેજ અતિશયોક્તિ કરી લેખાશે. મંદિર નિર્માણ માટે જે જમીન પ્રથમ સં. ૧૮૭૨ માં ગામના નરવાદારોએ (ઈજારદારોએ ગામની વહીવટી સુગમતા માટે જેમને તમામ જમીન સોંપેલી હોય તેમણે)ધર્માદાય આપી હતી. તેની આથમણી હદ જ્ઞાનકૂપ આગળ પૂરી થતી હતી. સભામંડપ બંધાયો તે પહેલાં સભાઓ કાંતો મંદિરની પાછળના ચોકમાં થતી કાંતો આચાર્યશ્રી ની હવેલીના પહેલા માળે વિશાળ સભાખંડ છે ત્યાં થતી હતી. હાલ જ્યાં સભાખંડ છે ત્યાં પહેલા ગામના એક નરવાદાર પટેલ ત્રિકમભાઈ નરોત્તમદાસ અને પટેલ રણછોડભાઈ નરસિંહદાસનું પાટડી નામનું અર્ધા વીઘાનું ખેતર હતું.

સભામંડપ બાંધવા માટે મંદિર પાસેથી બદલામાં બીજી જમીન લઈને આ બન્ને પટેલોએ પોતાની જમીન મંદિરને આપવાનું સં ૧૯૧૨ ના ચૈત્ર માસમાં નક્કી કરેલું જણાય છે. એટલે કે સભામંડપ માટે જમીન બદલામાં લેવાનું પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના સમયમાં જ નક્કી થયું હતું પણ એનો દસ્તાવેજ માંદગીને કારણે એમણે આચાર્ય પદ સં. ૧૯૧૩ના કાર્તિક સુદ ૧૫ના રોજ છોડ્યું તે પછી ત્રણ મહિના બાદ થયેલો છે પણ એ બંધાઈને ઉપયોગ માટે ખૂલ્લો મુકાયો  સં. ૧૯૨૫ માં પ.પૂ.ધ.ધુ આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજના શુભ હસ્તે. મંદિર નિર્માણના શ્રમયજ્ઞમાં અક્ષરાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને બ્રહ્માનંદસ્વામી નિમિત્ત બન્યા હતા. તેમજ આ સભામંડપના નિર્માણ કાર્યમાં પવિત્રાનંદ બ્રહ્મચારી નિમિત્ત બનેલા છે. કલાત્મક પથ્થરની કોતરણીવાળી કુંભીઓ ઉપર મજબુત ટકાઉ અને અખંડ સાગી સિત્તેર થાંભલાઓ ઉપર (જે પૈકી. ૨૪ દિવાલ સાથે જડાયેલા છે.) ઉભા કરાયેલા આ સભા મંડપ પાછળ આશરે રૂપિયા એંશી હજાર જેટલું ખર્ચ થયેલું છે. સભામંડપ બે માળ નો છે. અને બીજો માળ સંતો પાર્ષદો વગેરેના ઉતારા માટે ઉપયોગમાં લેવાય છે જ્યારે ભોંયતળિયા નો ભાગ સભાખંડ તરીકે વપરાય છે. સભામંડપની બાંધણી જમીનથી પાંચ ફૂટ ઉંચી છે. સમાંતર ઠેકાણે મૂકેલા પગથિયા ચઢીને તેમાં દાખલ થવાય છે. દરેક થાંભલાની ઉંચાઈ ૧'-૯+૫'-૯-વાળી ચોરસ કુંભી પાટડા સાથે ૧૪'-૩'' ફીટ છે અને વ્યાસ ૧'-૧'' છે ગોળ થાંભલા ઉપર ગોળ નકશી કિનાર છે સભામંડપ પૂર્વ -પશ્ચિમ પહોળો ૫૮ ફુટ અને ઉત્તર - દક્ષિણ લાંબો ૧૪૩'-૯'' ફુટ છે.

સભામંડપની ઉંચાઈ પહોળાઈ અને લંબાઈ એ બધુ **સભામાં હવા, પ્રકાશ અને પ્રતિધ્વનિની વૈજ્ઞાનિક યોજના** મુજબ થયેલું છે. એટલે સભામાં કથા પ્રવચન સભામંડપમાં વ્યાસપીઠથી દૂર બેઠેલો શ્રોતા પણ વિના પ્રયાસે સાંભળી શકે છે એના સ્થળની પસંદગી પણ મંદિર, ઉપર વાજીંત્ર સાથે ઉત્સવ થતો હોય તોપણ કથા શાંતિથી કરી શકાય અને સાંભળી શકાય એવી રીતે મંદિરને પાછળને સ્થાને કરવામાં આવેલી છે. મંદિર, આચાર્યોની સ્થાપનાનું સ્થાન (ઓટો) હરિમંડપ અને જ્ઞાનકૂપ પછી સભામંડપનું થયેલુ આયોજન દર્શનાર્થીઓને એક બીજા સાથે સંકળાયેલા રાખવાની દ્રષ્ટિએ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે થયેલુ જણાય છે.

આ સભામંડપમાં પ.પ. ધ.ધુ આચાર્ય મહારાજશ્રી માટે કાયમી ગાદી રાખવામાં આવેલ છે. અને કાયમ શ્રીહરિની કથાવાર્તા, ભજન-કીર્તન-ધૂન્ય થાય છે. અને ભગવાન શ્રીહરિના લીલાચરિત્રના મોટા તકતાઓ પણ પધરાવેલા છે. જેનું સ્મરણ કરવાથી તન મનના તાપ શમી જાય છે. સભામંડપમાં પ.પ. ધ.ધુ આચાર્ય મહારાજશ્રી ને બેસવા માટે વડોદરાના દ્વારકાદાસ નામના સોનીએ સુંદર શીશમની પાટ આપી છે. તે પાટ ઉપર શ્રીજી મહારાજ ઘણીવાર બિરાજ્યાં છે. તે પાટ સભામંડપમાં કાયમને માટે મૂકવામાં આવી છે.

# જ્ઞાન કૂપ



**'ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ;**
**ભાઈ રામદાસે નિજહાથ, નવરાવ્યા કૂપોદકે નાથ.**
**ચરણામૃત તે બધું લઈ, જ્ઞાનકૂપમાં નાખિયું જઈ;**
**ધન્ય ધન્ય કહું જ્ઞાનકૂપ, એ તો ઉત્તમ તીર્થ અનૂપ.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૫/૩૪-૩૫)

મંદિરના પાછળના ભાગમાં એક વિશાળ ચોક છે. આ ચોકમાં બરાબર મધ્યભાગે ફુવારા દેખાય છે. તેની નીચે એક કૂઈ આવેલ છે. આ કૂવાનું નામ જ્ઞાનકૂપ છે આ કૂવાના જળથી સંત હરિભક્તોએ ભગવાન શ્રીહરિને ઘણીવાર સ્નાન કરાવેલ છે. અને તે સ્નાન કરાવેલ પ્રસાદીનું જળ કૂવામાં નાખેલ છે. ભગવાન શ્રીહરિ કહે છે કે, 'આ ઠેકાણે અમે બહુ બહુ જ્ઞાનવાર્તા કરી છે. માટે આ કૂવાનું નામ જ્ઞાનકૂપ કહેવાશે વળી આ કૂવાના જળથી કોઈ સ્નાન કરશે તેને પરમાત્માનું જ્ઞાન થશે. કોઈ આ કૂવાના પાણીનું સેવન કરશે તેને મગજની બિમારી હશે તો જશે.' આ કૂવાના જે દર્શન અને ચિંતન કરે છે તેનાં અજ્ઞાનનો નાશ થાય છે.

# સંતોની ધર્મશાળા તથા બૂરજ




**'ધન્ય ધન્ય તે ધર્મશાળાને, વાલો વિચર્યા બહુ એહ સ્થાને;**
**ચારસેંય અને છન્નુંવાર, ફર્યા ત્યાં પ્રભુ પંક્તિ મોઝાર.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૬/૩૭)

શ્રીહરિ પ્રભુ સાથે વિચરનારા મહાસમર્થ સંતો સ.ગુ ગોપાળાનંદ સ્વામી તથા વિદ્વવર્ય શ્રી નિત્યાનંદસ્વામી અને ભાઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામીનાં આસન (બેઠકના સ્થળ) જ્યાં આવેલા છે તે જગ્યાએ સાધુની ધર્મશાળા છે. આ ધર્મશાળાને પૂર્વ અને પશ્રિમ છેડે બે બુરજ હતાં પૂર્વ તરફનો બુરજ હાલ મોજુદ છે. ત્યાં સ.ગુ. મુક્તાનંદ સ્વામી રહેતાં હતાં આ ધર્મશાળામાં વર્ણિઓ, સંતો, પાર્ષદોની પંક્તિ કરાવીને વિવિધ જાતના પકવાનો બનાવરાવી **શ્રીહરિ જાતે પીરસતા,** અધિક શ્રમથી થાકી જાય ત્યારે **વચ્ચેના સિંહાસને હાલ ચરણારવિંદ છે ત્યાં આવીને બેસતા,** હાસ્ય વિનોદ કરી સંતોને આનંદ પમાડતા, સભા કરી સંતો સાથે પ્રશ્નોત્તર કરતા, સંતોને એકેકને આસને ફરી ફરીને સૌને દર્શન દેતા, ખબર અંતર પૂછતા. આ ધર્મશાળામાં ચારસો છન્નુવાર પોતે પીરસીને સંતોને જમાડ્યા છે. આવી પવિત્ર અને મહાપ્રસાદીની આ ધર્મશાળા છે.

ધર્મશાળાના મેડા ઉપર જમીનથી ૪૦ ફુટ ઉંચો એક કોઠો આવેલો છે. વડતાલમાં જ્યારે મોટા ઉત્સવ સમૈયા થાય ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌને દર્શન દેવા તથા કથા વાર્તા કરવા માટે અહીં બિરાજતા હતા તે **બૂરજ** નામથી ઓળખાય છે અને આ સ્થાન ધર્મશાળા માં 'ત્રણ ખૂણીયા' તરીકે ઓળખાય છે.

# લીંબડાવાળો ઓટો (છત્રી)



મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કરતાં શ્રી હનુમાનજીથી જમણી બાજુ ઓટો હતો ત્યાં હાલ છત્રી છે તે જગ્યાએ શ્રીજીમહારાજ સભા ભરીને બેસતા હતા. **વચનામૃતો** પણ કહ્યાં છે. તે ઓટાની જગ્યાએ જ્યારે નવપલ્લવિત લીંબડાનું વૃક્ષ હતું ત્યારે તેની એક ડાળ મીઠી હતી તેમ વડીલ સંતો કહે છે. **'કડવો આ લીંબડોને મીઠી એક ડાળ છે'** અહીં સીતારામજી મહારાજને જનોઈ આપી હતી, અહીં વડોદરાના શાસ્ત્રીને ચતુર્ભુજ રૂપે દર્શન દઈ સમાધિ કરાવી હતી. તેજ સ્થાને **ઓટો હતો ત્યાં હાલ છત્રી** કરેલી છે. આ સ્થાને ભગવાન શ્રીહરિએ કરેલ દિવ્યલીલા ચરિત્રોનું સ્મરણ કરતા કરતા પ્રદક્ષિણા કરવામાં આવે તો અનંત જન્મના પાતક બળીને ભસ્મ થઈ જાય છે.


# ગાદીવાળો મેડો (આચાર્યશ્રી ની હવેલી)



મંદિરની ઉત્તર બાજુએ ધર્મવંશી આચાર્યોની હવેલી છે શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતોએ આચાર્યવર્ય શ્રી રઘુવીજીમહારાજને રહેવા માટે આ હવેલી બંધાવી આપી છે. હાલ જે **ગાદીવાળો મેડો** કહેવાય છે. તે મેડે **પ્રસાદીની ગાદી** છે. તે ઉપર આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શ્રી હરિને બેસાડીને પૂજન આરતી કરેલ ત્યાર બાદ તે ગાદી ઉપર શ્રી રઘુવીરજી મહારાજને બેસાડી આચાર્યપદ આપ્યું હતું. આજે પણ જે આચાર્ય શ્રી નિવૃત્ત થાય તેમને સ્થાને આવનાર આચાર્યશ્રીને આ પ્રસાદીની ગાદી પર બેસાડીને ગાદી અભિષેક કરવામાં આવે છે.

આ સ્થળે ભૂતપૂર્વ આચાર્યોનું **પૂજાસ્થાન સિંહાસન** છે.જેમાં શ્રીહરિની ચિત્ર પ્રતિમા તથા તેમના વપરાશમાં આવેલ વસ્તુઓના દર્શન થાય છે.

એકવાર ધર્મવંશીની હવેલી અને મંદિરની વચ્ચેના ભાગમાં ચોમાસામાં ખૂબ પાણી ભરાયું શ્રીજીમહારાજ તે પાણીમાં ખૂબ ફર્યા ત્યાં એક **આશ્ચર્યકારક ઘટના** બની તે સ્થળે પાતાળ સુધી ઉંડાણવાળું વિવર છિદ્ર થયું અને જેટલું પાણી ભરાયું હતું તે બધું એકી સાથે તે વિવરમાં સમાઈ ગયું. શ્રીજીમહારાજે ઘટસ્ફોટ કરતાં કહ્યું : ''પ્રસાદીનું ચરણોદક જાણી શેષનારાયણ પાન કરી ગયા છે.'' આવું અલૌકિક આશ્ચર્ય આ સ્થળે બતાવ્યું હતું.



# શ્રી નારાયણ મહોલ

મંદિરથી અગ્નિખૂણે નારાયણ મહોલ છે. જે 'રામપ્રતાપ ભાઈનો બંગલો' એ નામે ઓળખાય છે. આ સ્થાન ભગવાન શ્રીહરિએ પોતાને રહેવા માટે પસંદ કર્યું હતું. પણ ભગવાન શ્રીહરિના સંબંધીજનો જ્યારે વડતાલ આવ્યા ત્યારે તેમને રહેવા માટે આપ્યું જ્યારે દેશ-વિભાગ કરી આચાર્યોની સ્થાપના કરી ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે રામપ્રતાપભાઈ અમદાવાદથી રામનવમીના સમૈયે વડતાલ દર્શન કરવા આવે ત્યારે મંદિરમાં કટી ભાગ સાથે મૃદંગ બાંધી ભાવ વિભોર બની કીર્તન ભક્તિ કરે ત્યારે પ્રેમીજન પરવશ પરમાત્મા શ્રીહરિ પોતે મૂર્તિમાંથી પ્રત્યક્ષ થઈ મોગરાના પુષ્પનો હાર અથવા ગુલાબના પુષ્પનો હાર કંઠમાંથી કાઢી મોટા ભાઈ ને પહેરાવે અને કહે : મોટાભાઈ ! કીર્તન ભક્તિ રાખો અને ઉતારે જાવ ત્યારે રામપ્રતાપ ભાઈ નારાયણ મહોલમાં ઉતારો કરે, તેથી આ સ્થાન **'રામપ્રતાપભાઈનો બંગલો'** એ નામે પ્રસિદ્ધ થયું છે. આ બંગલા નીચેના ઓરડામાં રાસમંડળના પુતળા (જે મંદિરમાં મૂકવા માટે શિલ્પશાસ્ત્રને આધારે તૈયાર કરેલાં તે) મૂક્યાં હતાં. ભગવાન શ્રીહરિ ત્યાં પધાર્યા અને તૈયાર થયેલા પુતળા જોઈ બહુ પ્રશંસા કરી, બ્રહ્માનંદ સ્વામી સાથે હતાં. તેમણે કહ્યું : **''કોઈ જગતનો કરતાર પ્રભુ હોય તો આ પુતળામાં પ્રાણ પૂરે.''** સ્વામીનો સંકલ્પ પૂર્ણ કરવા શ્રીહરિએ સોટીથી પૂતળાઓનો સ્પર્શ કર્યો તુરત પૂતળા નાચી ઉઠ્યાં, આવું ઐશ્વર્ય ને આશ્ચર્ય શ્રીજીમહારાજે આ સ્થાનમાં બતાવેલ છે. આ લીલા મોતીથી ભરેલી સોટી હાલ અક્ષરભુવનમાં છે.


શ્રીહરિલીલામૃત : ૧/૫/૧૩ મુજબ **શિક્ષાપત્રીની રચના** શ્રીજીમહારાજે અહીં કરેલી છે. અને શ્રીહરિમંડપમાં બેસીને સંશોધનપૂર્વક પ્રસિદ્ધ કરેલી છે :

**'અગ્નિખૂણે મંદિરથી દિસે છે, અખંડ નારાયણમોલ એ છે;**
**જહાં બીરાજી અઘના અરિએ, શિક્ષાની પત્રી રચિ શ્રીહરીયે.'**

વર્તમાન કાળે આ સ્થાને શિક્ષાપત્રી લેખક શ્રી સહજાનંદ સ્વામીની **ભવ્ય ચિત્ર પ્રતિમા** તેમજ અન્ય પ્રતિમાઓ પણ સ્થાપન કરેલ છે. તેમજ જમણે ભાગે **પ્રસાદીની પાટ** પણ છે.

## શ્રી હનુમાનજી - શ્રી ગણપતિજી





શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિર સન્મુખ મુખ્ય પ્રવેશદ્વારમાં ભીડભંજન હનુમાનજી અને વિઘ્નવિનાયક ગણપતિજીદેવ ભક્તોની વિઘ્નબાધાઓને દૂર કરવા શ્રીહરિએ પોતેજ પધરાવ્યા છે. આ બન્ને મૂર્તિઓ વડોદરાના પ્રસિદ્ધ સલાટ કારીગરોને વડતાલ બોલાવી શ્રીજીમહારાજે પોતાની જાત દેખરેખ નીચે પોતાને મનગમતી બનાવરાવી છે. ઉમરેઠના વિદ્વાન વિપ્રો પાસે વેદોક્ત વિધિથી પોતેજ પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. મહાનીરાજન કરી નિર્નિમેષ દૃષ્ટિથી આ મૂર્તિઓ સામું જોઈ રહ્યા તેથી આ મૂર્તિઓ અતિ ચમત્કારી છે.

## યજ્ઞશાળા


શ્રીજી મહારાજે શ્રી લક્ષ્મીનારાયણદેવ, ધર્મ-ભક્તિ વાસુદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણની **મૂર્તિ** આ યજ્ઞશાળામાં પધરાવી પોતે આ બધી મૂર્તિઓનું વેદોક્ત વિધિ પ્રમાણે હોમ કરીને **પૂજન** કરેલ આ ભૂમિ મંદિરથી અગ્નિખૂણે અને રામપ્રતાપભાઈના બંગલાની સામે આવેલ છે.

## આચાર્યશ્રી સ્મૃતિ મંદિર



ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને આરૂઢ કરેલ એવા દક્ષિણ વિભાગ વડતાલ દેશના પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના દેહનો અગ્નિ સંસ્કાર જ્યાં કરવામાં આવેલો તેની સ્મૃતિ માટે ત્યાં મોટું મંદિર બનાવેલ છે. આ સ્થાને દરેક આચાર્યશ્રીનો **અગ્નિસંસ્કાર** કરવામાં આવે છે (તેના મંદિર કરી ને તેની પ્રતિકૃતિ પધરાવેલ છે.) કપડા, ચાખડી, મૂર્તિ, પાઘ વગેરે દર્શન કરવા માટે રાખવામાં આવેલછે.

## જોબનપગીની મેડી



'જતાં વાટમાં જોબનભાઈ, ઘણા ઘાટ ઘડે મનમાંઈ;
મારી મેડીની બારિયે શ્યામ, બેઠા દેખું જઈ મુજ ગામ.
તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી;
પછી જ્યાં નિજશેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિએ બેઠા.' (શ્રીહરિલીલામૃત : ૭/૧૨)

મહાન ભક્તરાજ શ્રીજોબનપગીનું મકાન જે જોબનપગીની હવેલીના નામે ઓળખાય છે. હાલ તે મકાન મોજુદ છે ઈંટોનુ બનાવેલું મકાન તે સમયમાં કોઈને નહી હોય તેથી તે સમયમાં હવેલી એવું રુડું નામાભિધાન થયું જણાય છે. આ મકાન જૂનું જર્જરીત અવસ્થામાં હાલ છે. શ્રીજીમહારાજ ડભાણના યજ્ઞ વખતે બીજું રૂપ ધારણ કરીને આ મેડીની બારીએ આવીને બિરાજ્યા હતા. તેમજ મહાપ્રભુ અહિં ઘણીવાર પધાર્યા છે. એકવાર ગઢડાના પ્રેમી ભક્તોની પરીક્ષા કરવા એક માસ સુધી ગુપ્તપણે ત્યાં રહ્યા હતાં, તેથી આ હવેલી દર્શનીયછે.

'જન્મ્યા છે કોઈને ઘેર હરિ, કોઈને ઘેર જૈ સભા ભરી; પગી જોબનનું ઘર જે છે, અતિ અધિક પ્રસાદીનું એ છે.
(શ્રીહરિલીલામૃત : ૧/૧૭)



## વડેઉ માતાની ધર્મશાળા (નારાયણગીરી બાવાનો મઠ)

**'ધર્મશાળા વડેઉ માતાની, પ્રસાદીની છે તે નથી છાની;**
**મુક્તાનંદ આદિક મુનિરાય, ઘણી વાર ઉતરતા ત્યાંય'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૭/૪૦)

વડેઉમાતાની ધર્મશાળા અને નારાયણગીર ગોસ્વામીનો મઠ બન્ને જગ્યા, શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિર સામે મુખ્ય પ્રવેશદ્વારથી બહાર નીકળતાં જમણી તરફ પૂર્વ તરફના માર્ગે જતાં આવે છે. આ માતાજીની મૂર્તિને શ્રીજીમહારાજે ઘણી વખત રંગે નવરાવી હેતથી પૂજા કરી છે. જ્યારે મંદિરની જગ્યા ન હતી ત્યારે સંતોના ઉતારા તરીકે આ ધર્મશાળાનો ઉપયોગ થતો હતો. આ વડેઉમાતાની પૂજા ગોસાંઈ ભક્ત નારાયણગર કરતા હતા. માતાની પડખેની જગ્યા હાલ બેઠક છે તે બધી નારાયણગરના મઠ તરીકે ઓળખાતી હતી, ગોસાંઈ નારાયણગર ભગવાન શ્રીહરિની ભક્તિ કરતા તેમણે શ્રીજીમહારાજને વડતાલ લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો નારાયણગરને માનગર અને શંકરગર નામના બે શિષ્યો હતા. તેઓ ગૃહસ્થ કહેવાતાં. ત્રણેયના સંબંધવાળા ગૃહસ્થ મોગરી આદિક ગામોના હતા તે પણ સત્સંગ ઉપર ભાવ રાખતા હતા. **નારાયણગરના મઠમાં શ્રીજીમહારાજ ઘણીવાર પધાર્યા છે, જમ્યા છે. મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પણ ઉતરતા અને છ -છ મહિના સુધી રહેતા.** વિ. સં. ૧૮૬૨ ના ચૈત્ર સુદી નવમીનો સમૈયો કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે નારાયણગરે શ્રીહરિની પધરામણી મઠમાં કરાવી સંતોને માલપૂડાં દૂધપાકની રસોઈ આપી હતી. હિંડોળા પર શ્રીજીમહારાજને બેસારી કેસર ચંદનાદિકથી પૂજા કરી હતી ફુલહાર અર્પણ કરી મઠમાં કુમકુમના પગલા પડાવ્યાં હતાં. આ પ્રમાણે વારંવાર પધરાવી અપાર લાભ લીધો છે તેઓ ભગવાન શ્રીહરિ અને સંતથી જરાય જુદું રાખતા નહીં અને ભગવાનને જેવા જાણવા જોઈએ તેવા સ્વરૂપે ભગવાન શ્રીહરિને યથાર્થ જાણતાં હતાં.

## શ્રી ઘેલા હનુમાનજી



**'હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામ શરીર;**
**હનુમાન પ્રસાદીના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૮/૪)


અનંતકોટિ બ્રહ્માંડના પતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ વર્ણિવેશે ફરતા ફરતા વડતાલ પધાર્યા ત્યારે મંદિરથી ઉગમણું તળાવ છે તેને કાંઠે હનુમાજીનું મંદિર છે. ત્યાં રાતવાસો કરેલો અને પોતાના બંને **વરદ હસ્ત** હનુમાનજી માથે મૂકેલા તેથી આ સ્થાન મહાપ્રસાદીનું ગણાય છે. અને આ હનુમાજી ઘેલા હનુમાનજી કહેવાય છે. આ દિવસ હતો વિ.સં. ૧૮૫૫ ફાગણ સુદ ૧૨ ને સોમવાર, એ દિવસે જોબપગીને પણ મળેલા અને જોબનપગી જ્યારે ચોરી કરવા જતો ત્યારે પ્રથમ આ હનુમાનજીની મૂર્તિ ઉપર તેલ અને સિંદૂર ચઢાવતો.



## પ્રસાદિભૂત શ્રી કેદારેશ્વર મહાદેવજી

જ્ઞાન બાગની સામે તળાવને કિનારે કેદારેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ મહાદેવજીનું પૂજન શ્રીજીમહારાજે કરેલું છે. તેથી આ સ્થાન પ્રસાદીનું છે ને અહીં આ મહાદેવજીના જે ભાવ પૂર્વક દર્શન કરે છે તેને **કેદારનાથની યાત્રા**નું સંપૂર્ણ ફળ મળે છે.









# જ્ઞાનબાગ

સંપ્રદાયનાં ઐતિહાસિક પ્રસંગો મુજબ જ્ઞાનબાગની આજુબાજુ પાણીની વિપુલતા અને ઘટાદાર આમ્રવૃક્ષો અપાર હોવાથી પૂણ્યભૂમિ વૃંદાવન સમાન આ પ્રદેશ શ્રીહરિને અતિપ્રિય હતો. સંપ્રદાયનો પ્રખ્યાત અને સૌથી મોટો **'ફુલદોલોત્સવ'** શ્રીહરિએ જ્ઞાનબાગમાં કર્યો હતો. આ પ્રસંગે નિષ્કુળાનંદ સ્વામીએ **'બાર બારણાનો હિંડોળો'** બનાવીને ભગવાનને બાર સ્વરૂપે ઝુલાવ્યા હતા. શ્રીજીમહારાજ, સંતો તથા હરિભક્તો એવા રંગ અને ગુલાલથી રમ્યા હતા કે જમીનની ઉપર ચાર આંગળ ગુલાલ છવાઈ ગયો હતા. એ પ્રસંગનું વર્ણન નંદસંતોકૃત કીર્તનોમાં આલેખાયેલું છે. હાલમાં શ્રીહરિ અને સંતો જે હોજમાં રંગ ને ગુલાલે કરીને રમતા તે **પ્રસાદીનો હોજ** છે. વળી શ્રીહરિએ જેને બંને દેશનાં મધ્યસ્થી તરીકે સ્થાપ્યા હતા તે સ.ગુ ગોપાળાનંદ સ્વામી તથા જેમણે અનેક પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી સંપ્રદાયની ઉજ્જવળ કીર્તિ વધારી હતી એવા મહામુનિ સ.ગુ. નિત્યાનંદ સ્વામીનો **અંગ્નિસંસ્કાર વિધિ** આ જ્ઞાનબાગમાં કરાવવામાં આવ્યો હતો. હાલમાં ત્યાં તે બંને જગ્યાએ છત્રીઓ છે.

શ્રીહરિ જ્યારે આ જ્ઞાનબાગમાં પધારીને જે આંબલા નીચે સભા કરીને બેસતા તે દિવ્ય અલૌકિક **આંબલો** પણ દર્શનદાન આપી રહ્યો છે.

સ.ગુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાનો હિંડોળો જે બે આંબાની ડાળે બાંધી ભગવાન શ્રીહરિને ઝુલાવ્યા હતા. તે આંબા પડી જવાથી હાલ તે જ સ્થાને નવીન ઉછરેલા છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'પુરૂષોત્તમ પ્રકાશ' ગ્રંથરાજમાં તેનો મહિમાં ગાતા કહ્યું છે :-

**'અતિ અમૂલ્ય આંબલા છાયરે,**
**બેઠા હરિ કરી જ્યાં સભાય રે.**
**આંબા ઉભે શોભે છે અતોલે રે,**
**જિયાં હરિ બેઠા હિંડોળે રે.**
**જે જે જન એ જાયગા એ જોશે રે,**
**તેતો અતિ મોટી ખોટ ખોશે રે .**
**લેશે અલભ્ય લાભ અપાર રે,**
**તે તો નિશ્ચય જાણો નિર્ધાર રે.'**

(પુરુષોત્તમપ્રકાશ : પ્ર.૨૯)



આ રીતે બેઠકસ્થાને જ્ઞાન બાગમાં શ્રીહરિએ દિવ્યલીલા કરેલી તેની યાદગીરીમાં રંગના હોજ, બેઠક અને હિંડોળાને સ્થાને **છત્રી** કરી તે સ્થળ ચિર સ્મરણીય બનાવ્યા છે. શ્રીહરિએ રંગ કીડા કરી હિંડોળે ઝુલ્યા તે સર્વે લીલાઓનું સ્મરણ કરતાં કરતાં દર્શન કરનાર વ્યક્તિ આધ્યાત્મિક ઉન્નતિને પંથે અગ્રેસર થાય છે.



# ગંગાજળીયો કુવો


ત્રણ દરવાજેથી પશ્ચિમતરફને રસ્તે આગળ જતા મંદિરના સભામંડપની પાછળ ગંગા જળીયો કૂવો છે. જ્યારે મંદિરમાં પાણીની સગવડ નહોતી ત્યારે આ કૂવામાંથી પાણી લાવવામાં આવતું, દેવના વપરાશમાં તેમજ સંતો હરિભક્તો માટે પીવાનું તેમજ સ્નાનાદિક માટે આ પાણીનો વપરાશ થતો હતો. સં.૧૮૬૯નો ભયંકર કાળ પડ્યો ત્યારે આ કૂવામાં પાણી સૂકાવા લાગ્યું, સંતો ઘણાં ચિંતાતુર થયા તે દરમિયાન ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા હતા સંતોએ પાણીની મુશ્કેલીની વાત કરી. મંદિરના ચોક વચ્ચે જ્ઞાનકૂપ અને સાધુના ભંડાર પાસે કૂવો ખોદાવવાનું શરૂ કર્યું પણ તાત્કાલિક પાણીની અગવડ મટાડવા શું કરવું ? સંતોની સાથે શ્રીજીમહારાજ ગંગાજળીએ કૂવે પધાર્યા. ઘડો માંડ માંડ ડુબે તેટલું જળ હતું, આ જળવડે શ્રીજીમહારાજને સ્નાન કરાવ્યું. સ્નાન કર્યા પછી બળીયા દેવની ડેરી પાસે બિછાવેલ આસન પર ભગવાન શ્રીહરિ બિરાજ્યા. થોડીવાર ધ્યાનમુદ્રામાં બેસી કૂવા ઉપર પધાર્યા અંદરથી પાણીનો જોરદાર ફૂવારો છૂટ્યો. આખો કૂવો ભરાઈને ઉભરાઈ ગયો પાણી બહાર પૃથ્વી પર વહેવા લાગ્યુ, પછી કુવામાં સમાઈ ગયું, પછી માથોડું પાણી રહ્યું, આ અદ્‌ભુત પરચો જોઈ સંત હરિભક્તોએ વિસ્મય પામી શ્રીજીમહારાજને કારણ પૂછ્યું, પાણીનું દુઃખ દૂર કરવા અમારી આજ્ઞાથી સાક્ષાત ગંગાજીનો વાસ આ કૂવામાં થયો છે. હવે પાણીની તંગી નહી જણાય, આવું ભગવાન શ્રીહરિનું વચન સાંભળી સૌ આનંદ પામ્યા ત્યારથી **આ ગંગાજળીયા કૂવામાં ક્યારેય પાણી ખૂટ્યુ નથી.** આવો મહાન પ્રસાદીનો કૂવો છે. બળીયાદેવની દેરી પાસે જ્યાં ભગવાન શ્રીહરિ બિરાજ્યા હતા ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવવામાં આવ્યા છે.



# તાડણ તળાવ

વડતાલ ગામના ઉગમણા પાદરના તળાવથી દક્ષિણ તરફ જોળ ગામનો રસ્તો છે. ત્યાં રસ્તામાં તાડણ તળાવ આવ્યું છે. શ્રીજીમહારાજ સંતો અને હરિભક્તોને સાથે લઈને ત્યાં ભક્તો સાથે ઘોડા ખેલવવાં પધારતા હતા. આ તળાવનું **અનેરુ મહત્ત્વ** ભગવાન શ્રીહરિ અને તેમના સંબંધીજનોનો પ્રથમ મેળાપ અહીં થયેલો તેને લીધે છે.

શ્રીજીમહારાજ બાલસ્વરૂપે ઘરનો ત્યાગ કરી વનમાં તપ કરવા નીકળ્યા હતા ત્યારથી તેમના વિયોગે મોટા ભાઈ રામપ્રતાપજી અને નાનાભાઈ ઈચ્છારામજી અને તેમના કુટુંબીજનો બહુ ઉદાસ રહેતા હતા. એવામાં શ્રીહરિની ઈચ્છા શક્તિથી પ્રેરાયેલા સંત શ્રી માયાતીતાનંદજી અયોધ્યા ગયા. ત્યાં ભગવાન શ્રીહરિના કુંટુંબીજનો મળ્યા વાતચીતથી એકબીજાનો પરિચય થયો સંતના મુખે શ્રીજીમહારાજનો અપાર મહિમા સાંભળી સૌ કુંટુંબીજનો તેમને મળવા અધીરા બન્યા. તુરંત સંતની સાથે અયોધ્યાવાસી ભગવાન શ્રીહરિના સંબંધીજનો તેમને મળવા ચાલી નીકળ્યા; તે ફરતાં ફરતાં ઘણાં દિવસો પછી વડતાલ આવ્યા. તે તાડણ તળાવે વિશ્રાંતિ લેવા બેઠા. ફૂલદોલનો ઉત્સવ કરવા ભગવાન શ્રીહરિ વડતાલ પધાર્યા હતા. સભામાં કોઈએ સમાચાર આપ્યા કે અયોધ્યાવાસી આપના સંબંધીજનો આવ્યા છે. શ્રીજીમહારાજ આ સાંભળી ને બહુ પ્રસન્ન થયા, તુરંત માણકી ઘોડીએ સવાર થઈ તાડણતળાવે સામા આવ્યા. ભગવાન શ્રી રામચંદ્રજી અને ભરતનું મિલન થયું હતું તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને બંને ભાઈઓ આંખમાં હર્ષના આંસુ સાથે પ્રેમથી એકભીજાને ભેટ્યા, કુશળ સમાચાર પૂછ્યા. પછી ગામમાં આવી સારી સરભરા કરાવી ઉતારો આપ્યો. આ પ્રમાણે તાડણ તળાવે પોતાના સંબંધી જનોનો પ્રથમમેળાપ થયો હતો તેથી આ તળાવ અતિ પવિત્ર અને દર્શનીય છે.




## વડતાલધામમાં આવેલ પ્રસાદીના સ્થળોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. મુખ્ય મંદિર | ૨. નરેન્દ્ર ભુવન | ૧૦. આંબાનો ઓટો | ૧૮. ગોપીતળાવડી |
| A સભા મંડપ | ૩. ત્રણદરવાજા | ૧૧. ગંગાજળીયો કુવો | ૧૯. ખોડીયારમાતાજી |
| B હરિ મંડપ | ૪. બસ્ટેન્ડ | ૧૨. વડેવમાતાજી | ૨૦. ટાડણ તળાવ |
| C અક્ષર ભુવન | ૫. સ્મૃતિ મંદિર | ૧૩. જોબનપગીની મેડી | ૨૧. ઘનાતળાવ |
| D રામપ્રતાપભાઈ નો બંગલો | ૬. ગોમતી તળાવ | ૧૪. ઘેલા હનુમાનજી | ૨૨. રેલ્વેસ્ટેશન |
| E શ્રી ગણપતી | ૭. સભાની છત્રી | ૧૫. કેદારેશ્વર મહાદેવ | ૨૩. સુંદરપગીનો કુવો |
| F શ્રી હનુમાનજી | ૮. સમી પુંજનની છત્રી | ૧૬. જ્ઞાનબાગ | |
| G જ્ઞાન કુપ | ૯. રઘુવિરવાડી | ૧૭. સોનાર કુઈ | |
| H ભોજનાલય | | | |


કુંડેલી તરફ
૨૧
૧૩
૧૨
૧૪
H
C
D
B
E
F
૧
G
A
૨
3
૧૧
૪
૫
સંજાયા તરફ
૭
૬
૮
જામરાળી તરફ
૯
૧૦
૨૩
૨૨



# ધના તલાવડી

'ગામથી દિશા નૈરુતમાંય, ધના નામે તળાવ છે ત્યાંય;
હરિ ત્યાં બહુ નાહ્યા ઉમંગે, કોઈવાર રંગાયેલે અંગે.'

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૨)

તાડણ તળાવથી પશ્ચિમ તરફ થોડે દૂર ધના તળાવડી છે. શ્રીજીમહારાજ તેમાં ઘણી વખત નાહ્યા છે. આ તળાવડીની સુંદર જગ્યા જોઈ જોબન પગીએ ભગવાન શ્રીહરિ અને સંતોને ઘણીવાર જમાડ્યા છે.

એકવાર ભગવાન શ્રીહરિએ માફો(વેલડું) જોડાવી મુક્તાનંદસ્વામી આદિક સદ્‌ગુરુઓને તેમાં બેસાડી પોતે માફો હાંકીને **ધનાતળાવડી** પધાર્યા હતાં. આમ શ્યામસુંદર ભગવાન શ્રીહરિ સંતોના સારથી બન્યા હતા. આ તળાવડીનું બીજું નામ **ચંદન તળાવડી** છે. ઘણી વખત તો ભગવાન શ્રીહરિ શ્વેત વસ્ત્રો ધારણ કરી મંદિરથી ધૂન્ય કરતા ચાલે, તાળી પાડી પોતે ગાય સંતો ફરતાં ચારે તરફ ગાય, ઘડીભર ઉભા રહેને ચાલે એમધના તળાવડીએ આવે. સ્નાન કરી સભા કરે સંતો પાસે બપોર સુધી કીર્તન ગવરાવે એવી અનંત લીલાઓ કરી છે. તેથી ધનાતળાવડી અવશ્ય દર્શનીય છે.


# સોનારકુઇ - ગોપીતળાવડી - ખોડિયારમાતા

'રુડી સોનારકૂઈ જે કહી, ત્યાંથી દક્ષિણમાં જુઓ સહી;
ખરી માતા છે ત્યાં ખોડિયાર, તહાં વિચર્યા છે ધર્મકુમાર.
છાંટ્યો જૈ ખોડિયારને રંગ, કર્યું રંગમાં રસબસ અંગ;
તેથી ભક્ત થઈ તે તો દેવી, તેની વાત સુણો કહું કેવી.'

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯)







મંદિરથી ઉગમણી તરફ દોઢ માઈલ દૂર **સોનારકુઈ** છે. તેનું જળ શ્રીહરિએ ઘણીવાર પાન કરીને તે કુઈ ને પ્રસાદીની કરી છે. શ્રીજીમહારાજ ઉમરેઠ તરફથી આવતા ત્યારે કુઈ પાસે વડ નીચે ઉતરતા અને કુઈનું જળ પીતા તેથી અતિપવિત્ર છે. કુઈથી ઉત્તરમાં **ગોપી તળાવ** છે. તેમાં પણ ઘણીવાર નાહ્યા છે. આ તળાવે શ્રીજીમહારાજે સંતોને રાસ રમાડીને દૂધ પૌવા જમાડ્યા છે. કુઈથી દક્ષિણે **ખોડીયાર માતા** છે. શ્રીજીમહારાજ ગામમાં રંગે રમી ઘોડે બેસી ત્યાં પધાર્યા, માતાને રંગ છાંટ્યો અને ભક્ત બનાવી ત્યારે આશ્ચર્ય થયું કે એક શિકારીએ પશુ મારીને માંસ અર્પણ કરવાની ખોડીયારની માનતા કરી, તેને સ્વપ્નમાં આવીને દેવીએ કહ્યું : "હું ભક્ત થઈ છું મારી પાસે પશુ હત્યા કરશે તેનું સત્યાનાશ કાઢીશ." ત્યારથી ખોડીયારમાતા આગળ **હિંસા બંધ** થઈ ગઈ.

# શ્રી ગોમતીજી (ધારુ તળાવ)



'स्नानं येऽत्र करिष्यन्ति ते मोक्ष्यन्त्यघसङ्घतः । तर्पयिष्यन्ति ये पितृंस्तृप्तिस्तेषां च भूयसी ॥'

"જે જનો ગોમતી સરોવરમાં સ્નાન કરશે તે જનો સમગ્ર પાપસમૂહથી મુક્ત થશે. જે જનો પોતાના પૂર્વજોને શ્રાદ્ધક્રિયાથી તૃપ્ત કરશે તેમના પિત્રીઓની અતિશય તૃપ્તિ થશે." - (શ્રી સત્સંગિજીવન : ૪/૩૩/૧૨)

જે ગોમતી સરોવરને કિનારે શ્રીજીમહારાજે અબુધ ચંચળ વાંદરાઓ પાસે માળા ફેરવાવી હતી. જે સરોવરને કાંઠે શ્રીહરિએ **શમીપૂજા** કરી હતી. આવી અનેક અદ્‌ભૂત લીલાઓનું કેન્દ્ર સ્થાન ગોમતી સરોવર છે. **ઐતિહાસિક તથા સાંપ્રદાયિક દૃષ્ટિએ ગોમતી સરોવર અતિ પરમ પવિત્ર તીર્થ છે.**

ગોમતી સરોવરનું પૂર્વનું નામ **ધારૂ તળાવ** હતું. સં. ૧૮૭૫ની સાલમાં ગામના પટેલે શ્રી લક્ષ્મીનારાયણ દેવને કૃષ્ણાર્પણ કર્યું ને સંવત ૧૮૭૯ ના વર્ષમાં શ્રીહરિએ ખોદાવ્યું. ધારૂ તળાવને કાંઠે (ગોમતીથી પશ્ચિમદિશામાં હાલ જ્યાં છત્રી ત્યાં) એક **કદમ્બનું વૃક્ષ** હતું. તેની નીચે બેસીને શ્રીહરિ પોતાની દેખરેખ નીચે તળાવ ખોદાવતા. સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ મહારાજ તથા મોટાભાઈ રામપ્રતાપભાઈને કદમ્બ વૃક્ષ નીચે ઊભા જોઈને દર્શન હૃદયકમળમાં અંકિત કરી. પોતાના ભાવવાહી શબ્દોમાં આલેખી સંકીર્તનની રચના કરી હતી. તે રચના **'दोउ ठाडे वे कदम्बउ की छैयां'** શ્રીજીમહારાજને સંભળાવી હતી. આ સ્થાને બીજી પણ અનેક લીલાઓ કરી છે.

**વિ. સં. ૧૮૮૨** ના વર્ષમાં સચ્ચિદાનંદ સ્વામી ઉપર પ્રસન્ન થઈને **દ્વારકાધીશ** વડતાલ આવ્યા. તેમની સાથે **ગોમતીજી** પણ ધારૂ તળાવમાં નિવાસ કરીને રહ્યા.

વડતાલ આવ્યા. તેમની સાથે **ગોમતીજી** પણ ધારૂ તળાવમાં નિવાસ કરીને રહ્યા.

ગોમતી ખોદાવતા શ્રીહરિ ઘણીવાર કહેતા કે, "જલ્દી તળાવ ખોદો. અહિં તો પ્રત્યક્ષ પુરૂષોત્તમનારાયણ જળક્રીડા કરશે. **અડસઠ તીર્થ** નિવાસ કરશે." **તેથી અક્ષરધામના મુક્તો પણ આ તળાવ ખોદવા રાત્રે પધારતા** સમાધિસ્થિતિવાળા ભક્તો દર્શન કરતા.

આ ગોમતી તળાવમાં શ્રીહરિ તથા પાંચસો પરમહંસોએ અનેકવાર જળક્રીડા કરી છે. આ સરોવરમાં સ્નાન કરનારના સમગ્ર પાપ નાશ પામે છે. પશુ પક્ષી પણ આ પવિત્ર જળના સ્પર્શથી મોક્ષ પામે છે. **પિતૃશ્રાદ્ધ** કરવાથી પિતૃઓ મોક્ષ મેળવે છે. બ્રહ્મચર્ય પાલન પૂર્વક ગોમતી સરોવરમાં **સ્નાન** કરી **દેવ દર્શન** કરનાર પુત્રાર્થીને પુત્ર, વિદ્યાર્થીને વિદ્યા, ધનાર્થીને ધન, કીર્તિની ઈચ્છાવાળાને કીર્તિ અને મોક્ષની ઈચ્છાવાળા મોક્ષને પામે છે. આ પવિત્ર સરોવરમાં સ્નાન કરનારે શૌચક્રિયા કરવા દૂર જવું, દાતણ પણ છેટે જઈ કરવું, માથાના કેશ કે નખ કાપીને ગોમતીમાં નાંખવા નહિ, જ્યારે સ્નાન કરવું હોય ત્યારે પ્રથમ લોટામાં કે અન્ય પાત્રમાં જળ ભરી બહાર આવી હાથપગ ધોવા, કોગળા કરીને પછી જ સ્નાન કરવા જળમાં પડવું આ રીતે મહિમા પૂર્વક સ્નાન કરનારાના સર્વે મનોરથો સિદ્ધ થાય છે.

# ગોમતીજી કાંઠે પ્રાસાદિક છત્રી




**'ગોમતીતણે ઉત્તર તીર, એક આંબો છે ગેર ગંભીર;**
**બિરાજ્યા છે તહાં બહુનામી, અક્ષરાતીત અંતરજામી.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૧)

ગોમતીજીનું ખોદકામકરતા બહુ સંત હરિભક્તોને શ્રીજીમહારાજ બાથમાં ઘાલીને મળતા પ્રસાદ આપતા, જાતે ખોદકામ કરતા ને ધૂળના ટોપલા ઉપાડતા ત્યારે સૌ શ્રીજીમહારાજના દર્શન કરતા હતાં. પછી શ્રીજીમહારાજ ગોમતીકાંઠે આંબાના મોટા વૃક્ષ નીચે સભા કરતા, (જે જ્ઞાનોપદેશને વડતાલ પ્રકરણના ૧, ૨, ૫ વચનામૃતોમાં ગૂંથી લેવામાં આવ્યો છે.) ભોજન કરવા બિરાજતા, તેની બાજુમાં કૂવો હતો તેના જળથી શ્રીજીમહારાજ **સ્નાન** કરતા, અહીં સંત-હરિભક્તોએ શ્રીજીમહારાજનું **પૂજન** કરેલું છે, **પ્રશ્ન-ઉત્તર** કરેલા છે તેમજ કાઠી દરબારોના આગ્રહથી (ગોમતીથી પૂર્વ બાજુની છત્રીએ) **વાંદરાઓ પાસે માળા ફેરવાવડાવી** હતી તે સ્થળોની સ્મૃતિ માટે છત્રી કરાવી શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે. તેના દર્શનથી પાપ નાશ પામે છે. આ સ્થાન પાણીની ટાંકી પાસે ગોમતીથી ઉત્તરમાં આવેલુ છે.

# શમીપૂજન છત્રી (ગોમતીજી કાંઠે)



શ્રીજી મહારાજે ગોમતીજીને કિનારે શમી તથા શસ્ત્રોનું પૂજન કરી ધર્મની રક્ષા કરવા શસ્ત્રો રાખવાની ક્ષત્રિયો ને આજ્ઞા કરી હતી. ને તેઓએ શ્રીજીમહારાજ આજ્ઞાથી શસ્ત્રો ધારણ કર્યા હતા. ત્યાં શમી (શમડા)નું વૃક્ષ હતું તે સ્થળની સ્મૃતિ માટે છત્રી કરાવી શ્રીહરિના ચરણારવિંદ પધારાવેલ છે.



# જળક્રિડા છત્રી (ગોમતીજીના સામે કાંઠે)

ગોમતીજીના સામે કાંઠે કદંબનું મોટુ વૃક્ષ હતું તેની ઉપર ચઢીને શ્રીજીમહારાજ ગોમતીમાં ખૂબ ધૂબકા મારીને જળક્રીડા કરતા. તે સ્થળે શ્રીજીમહારાજની સ્મૃતિ માટે છત્રી કરાવી. શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે. તેના દર્શન થી પાપ નાશ પામે છે.

# સુંદરપગીનો કુવો



આ સ્થાન વડતાલ રેલ્વે સ્ટેશનથી ઉતર તરફ નજીકમાં છે. સુંદર પગી જોબનપગીના ભાઈ હતાં. સુંદરપગીને કૂવે શ્રીજીમહારાજે ઘણીવાર સ્નાન કર્યુ છે સ્નાન કરી જળ કૂવામાં નાખીને પ્રસાદીનો કર્યો છે. **આ કૂવાના થાળામાં શ્રીહરિ ઘણીવાર બેઠેલા છે તેથી પ્રસાદીનું થાળું** આજે પણ જાળવી રાખ્યું છે આ સ્થળે સ્મૃતિ માટે **ઓટો** પણ કરાવ્યો છે. તેથી સુંદર પગીનો કૂવો દર્શનીય છે.

# શ્રી રઘુવીર વાડી (આચાર્યશ્રી નિવાસસ્થાન)

'ગોમતી થકી વાયવ્ય ભાગ, રુડો છે ત્યાં રઘુવીરબાગ;
પગી જોબન આદિક તણાં, હતાં ખેતર ત્યાંકણે ઘણાં.
વૃષનંદન ત્યાં વિચર્યા છે, બધા ખેતરમાં તે ફર્યા છે;'

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯)

ગોમતીથી વાયવ્યખૂણામાં રઘુવીરબાગ છે, વર્તમાન સમયમાં ત્યાં પ.પૂ. ધ.ધુ આચાર્ય મહારાજશ્રીનું નિવાસ સ્થાન છે. તે જગ્યાએ જોબનપગી આદિકના ખેતરો હતાં. શ્રીહરિ બધાં ખેતરોમાં ફર્યા છે. બાગથી આથમણો **કૂવો** છે. ત્યાંથી પૂર્વ દિશામાં એક વિશાળ **આંબાનું વૃક્ષ** હતું ત્યાં વરીયાળી બાઈએ હિન્દુસ્તાની રસોઈ બનાવી શ્રીહરિને તથા સંતોને જમાડ્યા હતા. આ પ્રમાણે **અનેક વખત જે સ્થળે શ્રીહરિ વિચર્યા છે.** તેવી પવિત્ર ભૂમિ ઉપર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું નિવાસ સ્થાન છે. ત્યાં દર્શન કરવા અવશ્ય જવું જોઈએ. જે મુમુક્ષુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત થાય તેમણે **સંપ્રદાયના સંતો પાસેથી વર્તમાન લીધા પછી પણ ઈષ્ટદેવ શ્રીહરિ પ્રભુએ પોતાની ધર્મધુરા જેમને સુપ્રત કરી છે તેવા ધર્મવંશી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસેથી ગુરૂમંત્ર અવશ્યપણે લેવાનો હોય છે.**

ગુરુમંત્ર વિશે એક **રસપ્રદ મનનીય ઈતિહાસ** સંપ્રદાયના ગ્રંથોમાં આલેખાયો છે. વિભિન્ન સંપ્રદાયોના આચાર્ય સ્ત્રીઓને પણ ગુરુમંત્ર આપતા હતાં. તેથી તેઓના ચારિત્ર્ય વિશે ટીકાને અવકાશ રહેતો હતો. ધર્મદેવે શ્રી રામાનંદસ્વામી પાસેથી મંત્રદીક્ષા લીધી પછી ધર્મગુરૂ તરીકે તેમની પ્રસિધ્ધિ થવાથી અસંખ્ય મુમુક્ષુઓ તેમની પાસે આવતા હતા. એકવાર અપાર સ્ત્રીઓ તેમની પાસે ગુરુમંત્ર લેવાને માટે આવી ત્યારે ધર્મદેવ ઉંડા વિચારમાં પડી ગયાં, તેમણે વિચાર્યું કે સ્ત્રીઓને ગુરૂમંત્ર આપવાથી પોતાને તો ધર્મભંગ થવાનો પ્રસંગ આવવાનો નથી પણ ભાવિ પેઢી પણ પોતાના કાર્યનું અનુસરણ કરે તો એક અનુચિત પ્રણાલિકા ચાલુ જ રહે. ખૂબ મનોમંથન કરી **ધર્મદેવે ગુરૂમંત્ર આપવામાં ક્રાન્તિકારી પરિવર્તન આણ્યું** મુમુક્ષુ સ્ત્રીઓને પોતાના પત્ની ભક્તિદેવી પાસે ગુરુમંત્ર અપાવ્યો. શ્રી હરિ પ્રભુએ પોતાના પિતાશ્રીના મૌલિક વિચારોને સ્થાયીરૂપ આપ્યું. શ્રીહરિએ પોતાના બંને ભાઈઓના પુત્રોને દત્ત વિધિથી પુત્ર તરીકે સ્વીકારી પોતાની ધર્મધુરા સુપ્રત કરી તેઓશ્રીના ધર્મોમાં આજ્ઞા આપી કે પુરુષોને ગુરુમંત્ર આચાર્યશ્રી આપે અને સ્ત્રીઓને ગુરુમંત્ર તેઓના પત્ની આપે એવી કલ્યાણકારી વ્યવસ્થા ગુરુમંત્ર માટે શ્રી હરિ પ્રભુએ પ્રવર્તાવી છે.


★ **શ્રી રઘુવીર વાડીમાં આચાર્યશ્રી નિવાસ પાસે છત્રી**

રઘુવીર વાડીમાં આમળીના ઝાડ નીચે ઓટો હતો હાલ ત્યાં છત્રી કરવામાં આવેલી છે. આ જગ્યા મહાપ્રસાદીની છે. અહીં જેતલપુરના ગંગામાએ થાળ કરીને શ્રીજીમહારાજને અનેકવાર જમાડ્યા છે તથા શ્રીહરિએ જ્ઞાન વાર્તા કરી છે.

★ **સ.ગુ. શ્રી ગોપાળાનંદસ્વામીનો આશીર્વાદ - 'બ્રાહ્મી'**

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી મહાન યોગીરાજ અને સત્સંગમાં મૂર્ધન્ય સંત હતા અને તેઓ શ્રીજીમહારાજની અનુવૃત્તિ યથાર્થ જાણતા હતા. અને પોતે ખૂબ જ સમર્થ અને મહા દયાળુ હતા. એમણે સત્સંગમાં અનેક ઉપકાર કાર્ય કર્યા છે. જેનું વર્ણન થઈ શકે તેમ નથી. સારંગપુરમાં શ્રી હનુમાનજી પધરાવ્યા તેવી જ રીતે અતિશય દયાયે કરીને વડતાલમાં **કોઈ પણ ભક્તજનને મગજની બિમારી** હોય તો તેના નિવારણ માટે શ્રી રઘુવીર વાડીમાં **બ્રાહ્મી** વનસ્પતિ વાવી આપી છે, તે બ્રાહ્મી વનસ્પતિના ઢેબરા ભાજી વગેરે ગમે તે રીતે ખાય તો ગમે તેવી મગજની બિમારી હોય તો તે મટે છે. પણ જો તે બ્રાહ્મી કોઈ ચોરીછૂપી થી લઈ જાય અને ખાય તો તેની કંઈ અસર થતી નથી પણ ઉલ્ટાનું ચોરીનું પાપ લાગે છે.





# શ્રી નારાયણ બાગ

**'મંદિરેથી જે ઉત્તરભાગ, બન્યો જ્યાં છે નારાયણબાગ;**
**જુઓ જગ્યા તહાં સુધી જે છે, હરિચરણથી અંકિત એ છે.'**

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૧૭)

મંદિરથી ઉત્તરમાં વરંડામાં હાલ જ્યાં ગૌશાળા અને આચાર્યોનું સ્મૃતિ મંદિર(અગ્નિસંસ્કાર સ્થળ) છે ત્યાં શ્રીહરિની આજ્ઞાથી એક **બગીચો** બનાવવામાં આવ્યો હતો તેમાં શ્રી ઠાકોરજીના ઉપયોગ માટે ફળ ફુલના વૃક્ષો ઉછેરવામાં આવ્યા હતાં. ગૌશાળામાં જ્યાં ભીંત ઉપર શ્રીહરિની, શ્રીજી સમકાલીન નંદસંતોએ **થાળ જમતી પ્રતિમા** આલેખી છે ત્યાં શ્રીહરિ બેસતા. થાળ જમતા અને કથા વાર્તા કરતા હતા. બગીચાની દેખભાળ માટે દાદાગુરુ સંજ્ઞાથી ઓળખાતા પ્રભુતાનંદસ્વામી ને રાખ્યાં હતા. દેવના થાળમાં દૂધ માટે ગાયો પણ ત્યાંજ રાખતા હતા ત્યાં એક મોટી **ધર્મશાળા** બાંધેલી હતી જેમાં શ્રીહરિની આજ્ઞાથી ઘણાં વૃધ્ધ સંતો અને પાર્ષદો રહેતાં હતાં. બાજુમાં **નારાયણ કૂપ** છે ત્યાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તે પ્રસાદીનું જળ સંતોએ કૂવામાં નાખેલું છે. આ બગીચાનું નામ પોતાના નામ ઉપરથી **'નારાયણ બાગ'** રાખેલુ હતું. હાલમાં ત્યાં **ગૌશાળા** છે. અહીં શ્રીહરિની સ્મૃતિ માટે **આરસની છત્રી** કરી ચરણારવિંદ પધરાવ્યા છે.

# વાસણ સુથારનું ઘર




શ્રીહરિ વિષે સર્વોપરિ ભગવાનની નિષ્ઠા અનન્ય પણે રાખનારા વાસણભાઈ નામે સુથાર ભક્ત, વડતાલમાં જ્યાં હાલ **લીંબડાવાળો વરંડો** છે ત્યાં જુની હવેલીની જગ્યા છે તે ઠેકાણે તેમને રહેવાનું ઘર હતું. શ્રીજીમહારાજની સેવા કરવામાં વાસણ સુથાર ઘણાં ઉમંગી હતા. તેમની સેવાથી શ્રીહરિ બહુ રાજી થતાં હતા. આ ભક્તે પોતાની અંતિમ અવસ્થામાં ઘર વખરી સાથે પોતાનું મોટું ઘર શ્રીહરિને અર્પણ કરી દીધું હતું. આ સ્થળે **સાંખ્યયોગી બાઈઓ**ને ભજન કીર્તન-કથા-વાર્તા કરવા માટે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે **હવેલી** બંધાવી આપી છે. ત્યાં ગાદીવાળાની સેવામાં રહેનાર સેવક સાંખ્યયોગી બાઈઓ રહે છે.

# કુબેરભાઈનું ઘર

વડતાલના પાટીદાર કુબેરભાઈ ઘણાં સેવાભાવી અને શ્રીજીમહારાજના **અનન્ય દાસ** હતાં. પોતાના ઘરમાં શ્રીજીમહારાજને તેમજ સંતોને ઉતારા આપી સારી **સેવા** કરતાં હતા. તન, મન અને ધન શ્રીહરિને ચરણે ધરી સેવકની જેમવર્તતા હતાં. આવા નિઃસ્વાર્થી સમર્પણની ભાવનાવાળા આ ભક્તોને ત્યાં શ્રીજીમહારાજ વારંવાર પધારતા હતા. શ્રીહરિના પ્રસંગથી પાટીદાર શ્રી કુબેરભાઈનું ઘર **પાવન** બન્યું હતું.

# ત્રણ દરવાજા



શ્રીજીમહારાજે શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરના અને વડતાલધામના **પ્રવેશદ્વાર** તરીકે એક **મોટો દરવાજો** કરવાનો સંકલ્પ કરેલો ત્યાં સંત હરિભક્તોએ પ.પૂ. ધ.ધુ આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એક મહા મોટો દરવાજો કરેલો છે. તે હાલમાં **'ત્રણ દરવાજા'**ના નામે ઓળખાય છે. આ દરવાજાનું દર્શન કરીને જે તેનું ચિંતન કરે છે, તેનો યમના દ્વારમાં પ્રવેશ નથી.

# તખાપગીની બામરોલી







**★ પ્રસાદીની રાયણ**

વડતાલ થી ઉત્તર દિશામાં મહુડીયાપરાથી આગળ તખાપગીની **બામરોલી** છે. બામરોલી ગામ પાસે જ તખાપગીના ખેતરો છે. ગામ પાસેના ખેતરમાં **રાયણનું વૃક્ષ** છે. આ વૃક્ષની ડાળે સુંદર **હિંડોળો** બાંધી શ્રીહરિને ઘણી વખત ઝૂલાવ્યા છે. અપાર લીલાઓ કરીછે.

**★ પ્રસાદીની કોઠી**

સંવત્ ૧૮૬૯ ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો ત્યારે તખાપગી મુંઝાયા, ઢોર ઘાસ વગર મરવા લાગ્યા. ઘરમાં અન્ન સંગ્રહ ખૂટી ગયો. છેવટમાં એક માટીની કોઠીમાં એક મણ બાજરી વધી હતી. ત્યારે કિંકર્તવ્યમૂઢ બની દુઃખીયાઓના ભેરૂ શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા, કોઈ રસ્તો મળતો નથી છેવટે મુંઝાઈને શ્રીહરિની પાસે ગયા. **દીન દયાળું** પરમાત્મા શ્રીહરિ તખાપગીનું દુઃખ દૂર કરવા પોતાના પાર્ષદો સાથે બામરોલી પધાર્યા. ઘરમાં માટીની કોઠીમાં અડધોમણ બાજરી હતી. શ્રીહરિએ કોઠી ઉપરનું ઢાંકણ બંધ કરાવ્યું કોઠી ઉપર પોતાના હસ્તકમળ રાખી બોલ્યા કે હે ભક્ત! **આ કોઠી ઉપરથી ન ઉઘાડતા નીચેના સાણેથી બાજરી કાઢજો તમો જેટલી બાજરી કાઢશો તેટલી મળ્યાં કરશે,** આ બાજરી અન્નાર્થીઓ જે કોઈ આવે તેને આપશો તેમજ ગાય ભેંસ વિગેરે પશુઓને માટે પણ વાપરજો, જરાય સંકોચ કરશો નહિ. આમ પોતાના ભક્તને જીવતદાન આપી પાછા વડતાલ પધાર્યા. હ્વપરો કાળ વ્યતિત થઈ ગયો. પોત પોતાના વર્ણાશ્રમના કર્મોથી વિરત થઈને મનુષ્યો આળસુ અને પ્રમાદી ન બની જાય અને કર્તવ્યનિષ્ઠ રહે તેવી કાળજી પણ પરમાત્મા રાખે છે. વરસાદ પણ વરસ્યો. અનાજ મળવા લાગ્યું. ત્યારે તખાપગીને થયું કે અડધોમણ બાજરી હતી છતાં હજુ ખૂટતી નથી. જોઈએ તો ખરા કે અંદર કેટલી બાજરી ભરી છે. આમ કોઠી ખોલીને જોવાની ઈચ્છા થઈ. ઉપરથી ઢાંકણ ખોલ્યું તો અડધોમણ બાજરી દેખી પરિણામે અખૂટ બાજરી મળતી તે બંધ થઈ ગઈ.

આવી મહાન પ્રસાદીની કોઠી રીપેર કરાવીને બામરોલીમાં હરિમંદિરમાં દર્શનાર્થીઓને દર્શન કરવા માટે રાખી છે. આ પ્રમાણે ભગવાને પોતાના ભક્તોનું આપત્તિ કાળમાં રક્ષણ કર્યું હતું. તેની યાદ કોઠીના દર્શન કરતા થઈ આવે છે. અને ભગવાન શ્રીહરિની દયા દ્રષ્ટિને યાદ કરતાં ભક્તિભાવથી મસ્તક નમી પડેછે.

શ્રીજીમહારાજ જ્યારે બામરોલી પધારે ત્યારે તખાપગી સુંદર રૂપાળી રાયણના વૃક્ષની ડાળે હિંડોળો બાંધી શ્રીજી મહારાજને ઝુલાવતા, તે રાયણનું વૃક્ષ હાલમાં પણ છે તેની બાજુના ખેતરમાં શ્રીહરિએ સંતોને જમાડેલા અને ઘોડી પર બેસી આ સ્થાને ફરેલાછે. આ સ્થાને **ઓટો** બનાવી તેમાં શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવેલાછે.

# તપ્તમુદ્રા (છાપ) મહિમા



સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામીને આપેલા વરદાનને અનુસરીને શ્રી રણછોડરાયજી દ્વારિકાથી બધાં તીર્થો અને મુદ્રા સાથે વડતાલ પધાર્યા ત્યારે **'ગોમતી તીર્થ'** ધારુ તળાવમાં સ્થાપિત કર્યું હતું. ભગવત્સ્વરૂપના દિવ્ય આયુધો શંખ,ચક્ર,ગદા અને પદ્મ એ ચાર આયુધોની છાપ, તપ્ત નહિ પણ શીત છાપ આપવાનું પણ શરૂ કરવામાં આવ્યું હતું.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી તપ્તમુદ્રાના મહિમા કહેતા લખે છે :

'ये गोमतीतडागे च स्नात्वाऽस्यां पुरि मानवा: ।
तप्तमुद्रा ग्रहीष्यन्ति तेषां नास्ति यमाद्भयम् ॥'

જે મનુષ્યો આ પુરીમાં ગોમતી તળાવમાં સ્નાન કરી તપ્તમુદ્રાઓ ગ્રહણ કરશે તે મનુષ્યોને યમનો ભય નથી.

(શ્રી સત્સંગિજીવન : ૪/૩૩/૨૨)

શિક્ષાપત્રી ભાષ્યમાં શ્લોક નં. ૪૧માં તપ્તમુદ્રા વિષે પ્રમાણરૂપ કહેલા તમામ શાસ્ત્રોના સારરૂપે **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વમુખે શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ ચાર દિવ્યાયુધોવાળી ચાર તપ્તમુદ્રાઓનું માહાત્મ્યનું વર્ણન કરતાં કહે છે :

"મારા આશ્રિત સર્વ ભક્તોએ મહાફળને આપનારી એવી આ ચાર તપ્તમુદ્રાઓ ધારણ કરવી. જે જનો અહીં પોતાના બાહુના મૂળમાં તપ્તમુદ્રાનું ચિહ્ન લે છે તે નિશ્ચય પુનર્જન્મથી રહિત બની વિષ્ણુના **પરમપદ**ને પામે છે. માટે ચાર વર્ણના વૈષ્ણવજનો વિષ્ણુલોકની પ્રાપ્તિ માટે અગ્નિથી તપાવેલી શંખ, ચક્ર, ગદા, પદ્મની છાપો ધારણ કરે."

"જે જનો શ્રી વિષ્ણુની આ શંખ, ચક્ર વગેરે આયુધો રૂપી પવિત્ર છાપો અગ્નિથી તપાવી આ સ્થળ (વડતાલ ધામ)માં ધારણ કરશે, તે સંસાર સાગર તરશે. હે ભક્તજનો! જે જનો તપ્તમુદ્રાથી ચિહ્નિત થાય તે જનોના **પાપ નષ્ટ** થશે. અને તેનું તેજ તથા બળ વૃદ્ધિ પામશે અને ભગવાન શ્રીહરિનો શુભ **દિવ્યલોક** પામશે. સર્વ વિપ્રો તથા અન્ય મનુષ્યો જેમને પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છા છે તેમણે બંને બાહુઓના મૂળમાં અગ્નિથી તપાવેલી શંખ, ચક્રાદિની શુભછાપ લેવી."

"જે મનુષ્ય તપ્તમુદ્રાને ધારણ કરેલા બ્રાહ્મણને અન્ન આપે તે અન્ન **મેરુ તુલ્ય** થાય છે. તે અન્ન આપનાર સ્વર્ગમાં દેવની માફક **અમૃતભાવ** પામેલું અન્ન પ્રાપ્ત કરે છે."

"અગ્નિથી તપેલા વિષ્ણુના ચક્રાદિ આયુધો ધારણ કરેલો વિપ્ર યમપુરીનો ત્યાગ કરીને પ્રકાશમાન વિષ્ણુના લોકને પામે છે. બ્રહ્મપુરાણમાં કહ્યું છે : 'अग्नितप्तं पवित्रं च धृत्वा वै बाहुमूलयोः । त्यक्त्वा यमपुरं घोरं याति विष्णोः परं पदम् ।।' તથા ઋગ્વેદ સંહિતાના સાતમાં અષ્ટકના ત્રીજા અધ્યાયમાં, સામવેદનાં દ્વિતીય પ્રપાઠકમાં 'देवायेविधृतेन बाहुना' ઈત્યાદિ અથર્વવેદમાં તથા હરિભકિત વિલાસમાં તથા પદ્મોત્તર ખંડમાં, પ્રપન્નામૃતમાં તથા દ્વારિકા માહાત્મ્યમાં વિસ્તાર પૂર્વક તપ્તમુદ્રા ધારણ કરવા માટેના પ્રમાણો છે. શ્રુતિ-સ્મૃતિથી વિરુદ્ધ તપ્તમુદ્રા ગ્રહણ કરવાનું ખંડન કરનારા પાસે કાંઈ પ્રમાણ નથી."

**"હે ભક્તો ! અહીં (વડતાલ) જે મનુષ્ય તપ્તચક્રાદિથી ચિહ્નિત થાય તેના હૃદયમાં પ્રસન્ન મનવાળા ભગવાન શ્રીહરિ નિત્ય વસે છે. વિષ્ણુના આયુધોથી લાંછિત મનુષ્યને જોઈને ભય પામેલા યમ પણ શંકા યુક્ત મત્સર શૂન્ય થઈ તેને પ્રણામ કરીને તત્કાળ દૂરથી જ ચાલ્યા જાય છે."**

"જે મનુષ્ય ચક્રાદિથી અંકિત દેહવાળા, રૂડી બુદ્ધિવાળા

બ્રાહ્મણોને ફક્ત ભિક્ષા જ આપે છે તે મનુષ્ય વિષ્ણુનું પદ પામે છે. જેમના બાહુ મૂળમાં તપ્તચક્રાદિના ચિહ્નો છે તે મનુષ્યો પાપથી મુક્ત થઈ દેવની **ઉપમા** પામે છે.''

''જે મનુષ્યો તપ્તચક્રાદિથી અંકિત થાય છે, તે પોતાના કુળનો નરકથી ઉદ્ધાર કરી શોક રહિત થઈ વિષ્ણુના લોકમાં પૂજાય છે. જે મનુષ્યો આ વૃતાલયમાં તપ્તચક્રાદિ ચિહ્નોથી અંકિત થાય છે તે જનોને તો ભગવાનને પ્રિય શુકદેવજી વગેરે મુનિઓ તુલ્ય જાણવા.''

''આ વ્રતપુરીમાં તપ્તમુદ્રાથી અંકિત મનુષ્યના ચરણોદકનું પાન કરીને મનુષ્ય તત્કાળ અઘના ઓઘથી મુક્ત થાય છે. એમાં કાંઈ સંશય નથી. (અત્રે શાસ્ત્રોક્ત પ્રમાણે મહિમા કહેલો છે, તે બરાબર છે. પરંતુ શ્રી સત્સંગિજીવન પ્ર.૪ અ.પ૨માં શ્રીજીમહારાજે બાંધેલી મર્યાદા મુજબ ભગવાનનું અપર સ્વરૂપ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સિવાય કોઈનું ચરણોદક પાન કરી શકાય નહિ.)આ વ્રતપુરીમાં તપ્તમુદ્રાથી અંકિત મનુષ્યો જે સ્થાનમાં રહે છે ત્યાં રહેનારો મનુષ્ય મહાસુખવાળા વિષ્ણુના લોકમાં જાય છે.''

''ચક્રાદિથી અંકિત મનુષ્યના સમીપે જે પ્રાણીઓ તપ, દાન, ધ્યાન, જપ વગેરે કરતાં હોયછે, તે સર્વે **અક્ષય** થાયછે. હે જનો! જેનું શરીર વિષ્ણુના ચક્રાદિક આયુધોથી અંકિત થાય છે, તેનું તે શરીર ગંગાજળ સમાન **પવિત્ર** જાણવું. હે ભક્તો ! આ વ્રતપુરીમાં જે ભક્ત ચક્રાદિથી અંકિત શરીરવાળા થાય છે તે મનુષ્યના પાપ, સૂર્યના ઉદયથી જેમઅંધકાર નાશ થાય છે તેમ નાશ થાયછે. હે ભક્તો! જે ચક્રાદિથી ચિહ્નિત થયેલા વિપ્રને એક દિવસ પોતાને ઘેર નિવાસ કરાવે છે તે મનુષ્ય નિશ્ચય વિષ્ણુના લોકમાં વાસ કરવા યોગ્ય તથા પૂજ્ય થાયછે.''

''ચક્રાદિથી અંકિત થયેલા મનુષ્યોના **નામ** જે સ્નેહપૂર્વક લે છે તે મનુષ્યો પાપથી **મુક્તિ** પામે છે અને વિષ્ણુને **પ્રિય** થાય છે. આ વ્રતપુરીમાં જેનું શરીર ચક્રાદિથી ચિહ્નિત છે એવા ભક્ત જે દેશમાં નિવાસ કરે છે તે દેશ પણ અતિ **પુણ્યશાળી** છે. અને તે મારા ઉપાસકોને તથા મને પ્રિયછે.

''જે બ્રાહ્મણ તપ્તમુદ્રા તથા ઉર્ધ્વપુંડ્ર ચિહ્નો ધારણ કરે છે ત્યારે તે શ્રાદ્ધાદિ કર્મો કરવા યોગ્ય થાયછે એવી રીતે ઉત્તમશ્રુતિ છે. બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે : 'शंख चक्रोर्ध्वपुंड्रादि धारयेद् ब्राह्मणो यदि । श्राध्धादि सर्व कर्मार्ह इत्येषा परमा श्रुतिः ।।'

''આ વ્રતપુરીમાં તપ્તમુદ્રા ધારણ કરનારા મનુષ્યોને હજાર અશ્વમેધ યજ્ઞ તથા સો વાજસનેય યજ્ઞ **સમાન ફળ** થાય છે. અહીં ચક્રાદિ મુદ્રાઓથી જે અંકિત થાય છે તે બ્રાહ્મણો જે દેશમાં નિવાસ કરે છે તે દેશનો દેવતાઓ અને ઋષિઓ હંમેશા **આશ્રય** કરે છે.''

''ચક્રાંકિત ભુજાવાળા મનુષ્યને જોઈને જે મનુષ્ય તેને પ્રણામકરતો નથી તે મનુષ્ય સો પશુયોનિ પામીને વિષ્ટાનો કીડો થાય છે. ચક્રાદિના ચિહ્નથી રહિત બ્રાહ્મણનું જે જપ, તપ, દાન, અર્ઘ્ય, પિતૃ તર્પણ તે સમગ્ર નિષ્ફળછે.''

''બ્રાહ્મણ યજ્ઞોપવિત વિના અબ્રાહ્મણ છે તેમ વૈષ્ણવ તપ્તમુદ્રાના ચિહ્ન વિના અવૈષ્ણવ છે. માટે આ પ્રકારના ધર્મથી બહિર્મુખ થયેલો બ્રાહ્મણ પરિત્યાજ્ય થાય છે. જે બ્રાહ્મણો તપ્તમુદ્રાના ચિહ્નથી રહિત છે તે સર્વધર્મથી રહિત થઈ કઠોર નરકને પામેછે.''

''જે મનુષ્ય તપ્તમુદ્રાથી ચિહ્નિત થઈ નિત્ય તથા નૈમિત્તિક દેવ સંબંધિ તથા પિતૃ સંબંધિ કર્મ કરે છે તે મનુષ્યનું તે તે કર્મનું ફળ હંમેશા **અક્ષય** થાય છે. **તપ્તમુદ્રાથી અંકિત** ઉત્તમ બ્રાહ્મણ જે પંક્તિમાં જમે તે સર્વે પંક્તિ જેમ ગંગાના પ્રવાહમાં મળતા નદીઓના પ્રવાહ પવિત્ર થાયછે, તેમ પવિત્ર થાયછે.''

''શ્રાદ્ધ કરનારાના શરીરમાં શંખાદિ ચિહ્નો જોઈ શ્રાદ્ધકાળમાં રાક્ષસો તથા દાનવો નાસી જાય છે. તપ્તમુદ્રાના ચિહ્ન વગરના માણસને શ્રાદ્ધમાં નોતરવાથી શ્રાદ્ધ નકામું જાય છે અને પિતૃઓ નિરાશ થઈ પાછા વળી જાયછે.''

તપ્તમુદ્રાના ચિહ્ન ધારણ કરવામાં શૂદ્રને અધિકાર છે બીજા કોઈને નથી તેવું કેટલાક કહે છે. તે જનો વેદશાસ્ત્રનો સિદ્ધાંત સર્વથા જાણતા નથી માટે સર્વપ્રકારે આગ્રહથી વિવાદ કરે છે. તેમણે કહેલું જો સત્ય હોય તો વેદાદિમાં બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાં એમકહ્યું છે. હે જનો ! તે કેમબંધ બેસતું થાય ? ઋગ્વેદમાં, સામવેદમાં અથર્વ શ્રુતિ તથા શતપથ શ્રુતિમાં બ્રાહ્મણાદિકને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાનું સ્પષ્ટ કહ્યું છે આ પ્રમાણે તમો જાણો.

**રામાર્ચન ચંદ્રિકા** નામનો જે ગ્રંથ પ્રસિદ્ધ છે તેમાં તેમજ **ભક્તિચંદ્રોદય** ગ્રંથમાં તથા પદ્મપુરાણના **ઉત્તરખંડ**માં **શ્રીમાર્ગશીર્ષ** માહાત્મ્યમાં તથા **કાશીખંડ**માં એ આદિક સેંકડો ગ્રંથોમાં બ્રાહ્મણાદિ જનોને તપ્તમુદ્રાના ચિહ્નો ધારણ કરવાનું પ્રતિપાદન કર્યુંછે.

માટે હે ભક્તો ! **અમારા આશ્રિત બ્રાહ્મણાદિ સકળજનોએ તથા ત્યાગીજનોએ સદા શુભ કરનારી તપ્તમુદ્રાઓ ધારણ કરવી.**

પછી ભગવાન શ્રીહરિએ તપ્ત મુદ્રાની છાપો નારાયણજી ભાઈ પાસે કરાવી તેમણે બાર છાપો લાવીને આપી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૫)

(નોધ :- આ છાપો લક્ષ્મીનારાયણ દેવની પુજાના વારાવાળા બ્રહ્મચારી આપેછે.)

# શ્રી વડતાલ મંદિર : થોડી જાણવા જેવી વિગતો



અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ બ્રહ્માંડમાં પધારીને અનંત જીવના કલ્યાણ ને કાજે તેમજ સર્વજીવ હિત માટે ત્રણ સંકલ્પ કર્યા હતાં :

'धृत्वावतारं यत्कार्यं तत्कृतं सकलं किल ।
तथापि भाविनां नृणां कार्यं किञ्चिद्धितं मया ॥'

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૭)

"અવતાર ધારીને મારે જે કાર્ય કરવાનું હતું તે મેં સર્વે સંપૂર્ણ કરી દીધું છે, છતાં પણ ભવિષ્યમાં થનારા ભાવિ પેઢીના જનોનાં હિત માટે મારે કાંઈ પણ હમણાં અવશ્ય કરવું જ." તેમાં પહેલો સંકલ્પ એ હતો કે :-


'कारयित्वा मंदिराणि तत्र स्वप्रतिमा अहम् ।
स्थापयेय ततस्ताश्च सेविष्यन्ते हि मानवाः ॥'

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૪/૧૦)

"મહા મંદિરો કરાવીને, તેમાં મારી અર્ચામૂર્તિઓ સ્થાપન કરું. પછી સર્વ કોઈ મનુષ્યો સ્વધર્મનાં પાલનપૂર્વક તે પ્રતિમાઓની સેવા કરવાથી ભક્તિ વૃદ્ધિ પામતાં શ્રેયને પામશે."

★ પોતાના ભકતોને ધ્યાન-ઉપાસનાદિકના આલંબન માટે મહામંદિરો નિર્માણ કરવાનો સંકલ્પ હતો તે પ્રમાણે વડતાલના અગ્રણી ભકતોની પ્રાર્થનાથી શ્રીહરિએ હરિભક્તોને ઉદ્દેશીને એક વચન આપતા કહ્યું હતું : **'મોટું ધામ આ ઠામ કરીશ, સર્વ ધામોમાં મુખ્ય કરીશ.'** થોડા વર્ષો પછી ૧૨ રૂપિયા આપીને સ.ગુ શ્રી બ્રહ્માનંદ સ્વામીને વડતાલ મંદિર બાંધવાની આજ્ઞા આપી. બ્રહ્મમુનિએ નવ શિખરના વિશાળ મંદિરના પાયામાં નવ લાખ ઈંટો નાખી. આ વિરાટ મંદિરની વાત સાંભળીને શ્રીહરિએ મર્મમાં નાનું મંદિર

કરવાની સૂચના કરી ત્યારે બ્રહ્મમુનિએ ''..... તાકું ધનકી કયા કમી જાકી હુંડી ચલે નવખંડમાંય'' કહીને આપની કૃપાથી સર્વ સારૂ થશે; એવો પત્ર લખ્યો. જોબનપગી, દલાભાઈ, કુબેરદાસ, વાસણ સુતાર નારાયણગિરિ વગેરે ભક્તોના તન -મન - ધનના સર્વસ્વ સમર્પણથી આ મંદિર તૈયાર થયું. વિ.સં.૧૮૮૨ કારતક સુદ-૧૨ના પવિત્ર દિવસે દેવાધિદેવ શ્રીહરિના કરકમળોથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિની પ્રતિષ્ઠા થઈ. શિક્ષાપત્રી આલેખન - આચાર્ય સ્થાપના પણ આ જ ભૂમિમાં થયા અને દક્ષિણ દેશનું પાટનગર પણ વડતાલ જ બન્યું.




★ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં જો કોઈ સ્થળે મંદિર બાંધવા માટે જગ્યા પોતે જોઈને પસંદ કરી હોય, મંદિર અને તેના અંગભૂત મકાનોની યોજના પોતે તૈયાર કરી હોય અને ભક્તજનોને સમજાવી હોય, મંદિરનું ચિત્ર-નકશો જાતે તૈયાર કરાવીને પસંદ કર્યો હોય, મંદિરના ખાતમુહૂર્તની વિધિ પોતે કરી, મંદિરના બાંધકામ માટે જાતે માથે ઈંટો અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય, મંદિરના બાંધકામની કાર્યવાહી ઉપર પોતે દેખરેખ રાખી હોય, મંદિરમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીની મૂર્તિ, પોતાની મૂર્તિ સાથે પહેલી વહેલી પધરાવી હોય, તે સાથે જ પોતાના બીજા લીલાસ્વરૂપો અને અવતારોની મૂર્તિઓની પણ પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય અને જાતે આરતી ઉતારી હોય એવું મંદિર જો કોઈ હોય તો તે એકમાત્ર વડતાલ જ છે. એવા એ મંદિરના બાંધકામ વગેરેની વિગતો સર્વ આશ્રિતજનોએ અવશ્ય જાણવી જોઈએ. એ વિગતો નીચે પ્રમાણે છે.


મંદિરનો આકાર કમળાકાર છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં જણાવ્યું છે કે મંદિરના પાયામાં નવ લાખ ઈંટો પૂરવામાં આવી છે.

'શ્રીજી પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઈ ઉમંગ આવે;
મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ.
ગણી સંતે તે તો સાડત્રીશ, પડદીમાં ચણી પાંતરીશ;
એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે.'


(શ્રીહરિલીલામૃત : ૧/૧૪/૧૨-૧૩)



આ નવ લાખ ઈંટો પૈકી ૩૭ ઈંટો શ્રીજીમહારાજે પોતાના મસ્તકે ઉપાડેલી હતી. જેના પાયામાં નવ લાખ જેટલી જંગી સંખ્યામાં ઈંટો પૂરવામાં આવી હોય, જેના પાયામાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણે પોતે ઈંટો મૂકી હોય, એ પાયાની સંગીનતા, ઊંડાઈ અને મજબૂતી અભૂતપૂર્વ અલૌકિક હોય એમાં શંકા નથી. બીજી વિગતોથી પણ આ વિધાનને ટેકો મળે છે. મંદિરની ઊંચાઈ જમીનની સપાટીથી પ્લીંથ સુધી ૧૪'-૦'' ફુટ અને સમગ્ર ઊંચાઈ શિખર સુધી ૭૭'-૩'' ફુટ છે. એની લંબાઈ બહારથી ૧૧૫'-૦'' અને પહોળાઈ ૧૧૭'-૦'' છે.




મંદિર પૂર્વાભિમુખ છે. પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાં મંદિરમાં પ્રવેશ કરવા માટે ત્રણ મોટા દરવાજા છે. દરેક દરવાજાની ઊંચાઈ ૧૧'-૦'' અને પહોળાઈ ૫'-૧૦'' છે. જમીન સપાટીથી દરવાજા સુધી પહોંચવા માટે ત્રણે દિશામાં ૭.૬''X૩'-૩'' લંબાઈ પહોળાઈ ધરાવતા વીશ પગથિયા છે. પગથિયાને લાગીને દરેક દિશામાં ચાર એટલે એકંદરે બાર હાથણીઓ છે. દરેક હાથણીની લંબાઈ-પહોળાઈ અને ઊંચાઈ ૭.૬''X૩', ૩''X૩'-૩'' છે. કમળદળની પાંખડીઓ હોય છે તેમ પગથિયા અને હાથણીની બાજુમાં એકસરખી લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના પૂર્વોત્તર અને પૂર્વ-દક્ષિણ દિશામાં તેર-તેર એટલે એકંદરે છવીસ કાટખૂણા છે. પશ્ચિમ દિશામાં દરવાજો કે પગથિયાં નથી, ત્યાં ઉત્તર-પશ્ચિમ અને



દક્ષિણ દિશામાં નવ-નવ એટલે અઢાર કાટખૂણા છે. આમ એકંદરે **ચુંમાલીશ પથ્થરના કાટખૂણા** ઉપર મંદિરના બાંધકામની આકૃતિ શોભે છે.

પૂર્વ-ઉત્તર અને દક્ષિણ દરેક દિશામાં એકસરખી લંબાઈ-પહોળાઈ ધરાવતી એક-એક એટલે ત્રણ રૂપચોકીઓ છે. **ઉગમણી રૂપચોકીમાં** બિરાજીને શ્રીજીમહારાજે અતિકૃપા કરીને આપેલો **જ્ઞાનોપદેશ** વડતાલ પ્રકરણના ઓગણીશમા **વચનામૃત**માં ગૂંથી લેવામાં આવ્યો છે.

મંદિર ઉપર **ત્રણ મોટા શિખરો** શોભે છે. તે ઉપરાંત ચાર નાના શિખરો છે. મધ્યભાગે આવેલા મોટા શિખરની ઊંચાઈ ૩૯'-૬'' છે. જ્યારે ઉત્તર અને દક્ષિણ શિખરની ઊંચાઈ એકસરખી એટલે ૨૧'-૦'' છે. નાના ચાર શિખરોની ઊંચાઈ ૮'-૦'' છે. બધા શિખરો ઉપર કલાત્મક **સુવર્ણ કળશો** શોભે છે. મધ્યમંદિરના શિખર ઉપર સુવર્ણ કળશની ઊંચાઈ ૯'-૯'' છે અને બાજુનાં બે શિખરોના સુવર્ણ કળશોની ઊંચાઈ ૫'-૫'' છે, જ્યારે નાના શિખરોના સુવર્ણ કળશોની ઊંચાઈ ૪'-૬'' છે.




ત્રણ મોટા શિખરો સામે મંદિર ઉપર મોટો **ઘુમ્મટ** શોભે છે. એનો વ્યાસ ૨૫'-૦'' છે અને એની ઊંચાઈ ૧૨'-૬'' છે. રૂપચોકીઓ ઉપર ત્રણ **નાના ઘુમ્મટો** છે જે દરેકનો વ્યાસ ૯'-૦''અને ઊંચાઈ ૫'-૭'' જેટલી છે. દરેક ઘુમ્મટ ઉપર પણ સુવર્ણ કળશો છે જેની ઊંચાઈ મોટા ઘુમ્મટના સુવર્ણ કળશની ૫'-૦'' અને નાના ઘુમ્મટના સુવર્ણ કળશની ઊંચાઈ ૪'-૬'' છે.

પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાં આવેલા દરવાજામાંથી **મંદિરમાં દાખલ થઈએ એટલે સૌથી પહેલું ધ્યાન ખેંચે છે** - એના સુંદર નકશીવાળા **થાંભલા.** મંદિરમાં એકંદરે ૩૮ ચોરસ થાંભલા છે, એ પૈકી ૨૬ થાંભલાની ઊંચાઈ ૧૨'-૦'' તથા લંબાઈ-પહોળાઈ ૧'-૯'' છે, બાકીના ૧૨ થાંભલાની ઊંચાઈ ૧૨'-૬'' અને લંબાઈ-પહોળાઈ ૨'-૦'' છે. દરેક થાંભલા ઉપર **ભરતનાટ્યમ્**ની જુદી જુદી નૃત્યમુદ્રાઓ તથા હાથમાં જુદાં જુદાં વાજિંત્રો ધારણ કરીને પૂતળાં-પૂતળીઓ હસી રહી છે.



ત્રણ મોટા શિખરો નીચે **દેવઘર** શોભે છે. મધ્ય શિખર નીચે આવેલા દેવઘરની લંબાઈ ૧૧'-૦'', પહોળાઈ ૧૦'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' છે. એમાં **સુવર્ણના સિંહાસન** ઉપર શ્રી રણછોડજી, શ્રી લક્ષ્મીનારાયણની પ્રાસાદિક મૂર્તિઓ ભક્તજનોને દર્શન આપે છે. ઉત્તર અને દક્ષિણ શિખરો નીચે આવેલા દેવઘરોની લંબાઈ ૮'-૦'', પહોળાઈ ૭'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' છે. **ઉત્તર** શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રી વાસુદેવ અને શ્રી ધર્મપિતા-ભક્તિદેવી દર્શન આપે છે. **દક્ષિણ** શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ આશ્રિતોને દર્શન આપી રહ્યા છે. ચાર **નાના શિખરો** નીચે આવેલા દેવઘરોમાં શ્રી મત્સ્યનારાયણ, શ્રી કૂર્મનારાયણ, શ્રી નૃસિંહનારાયણ, શ્રી વરાહનારાયણ, શ્રી શેષનારાયણ અને શ્રી સૂર્યનારાયણની સુંદર મૂર્તિઓ શોભે છે. ત્રણે મોટા શિખરો નીચે આવેલા દેવઘરોના દરવાજા સુવર્ણના છે. ત્રણ દેવઘરની બહાર ૪'-૦'' પહોળી, ૧૨'-૦'' ઊંચી જાળી છે.



અનુસંધાન ટાઈટલ પેજ નં. ૨નું ચાલુ...

પ.પૂ. માતુશ્રી અને પ.પૂ. મોટા માતુશ્રીએ પણ ખૂબ ખૂબ **કૃપાદૃષ્ટિ** અમારા ઉપર રાખી છે એટલે આજે એમને પણ હું હૃદયથી વંદન કરું છું. અને સૌથી વધારે આ જે કંઈ કાર્ય કરવા બદલ પૂર્વ વક્તાઓએ અમોને બિરદાવ્યા છે... બિરદાવ્યા છે તેમની પાછળ ખરેખર તે અમારી પ્રાપ્તિ નથી પણ એ **જે કંઈ શક્ય બન્યું છે તેમાં** ભગવાન શ્રી સ્વામિનારાયણની **કૃપાદૃષ્ટિ** છે, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો **રાજીપો** છે; અને આ સર્વે સંતો-ભક્તોનો **પ્રેમ** છે માટે એ શક્ય બની શક્યું છે. નહિ તો અમે એકલા એ કાર્ય સફળ ન કરી શક્યા હોત અને એટલા માટે જ અહિં ઉપસ્થિત સર્વે સંતો-હરિભક્તોએ પોતાનો પ્રેમ-લાગણી-અનુરાગ અમારા સુધી પહોંચાડ્યા છે. એમનો આજે સહૃદય ખૂબ ખૂબ યાદ કરીને **આભાર** માનું છું. અહિં જે કોઈ શારીરિક રીતે ઉપસ્થિત છે, કોઈ (સંજોગવશાત હાજર ન રહી શકવા છતાં) પોતાની **ભાવના** પહોંચાડી છે તે તમામનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. **દરેક ભક્તજનોને ભગવાન શ્રીહરિ ખૂબજ સુખીયા કરે**

**૩એવી** તેઓના શ્રીચરણોમાં પ્રાર્થના કરી આશીર્વાદ આપું છું.

**વિશેષ** આજે ભગવાન શ્રી સ્વામિનારાયણના આ દિવ્ય સત્સંગમાં જે વડિલોએ તો દાખડો કરેલો છે જ, પરંતુ બાળકો-યુવાનોએ જે ક્રાંતિ સર્જી છે તે જોઈને ખરેખર **આનંદ** થાય છે કે નવયુવાનો અમારી સાથે કંધે કંધો મિલાવીને અમે જેમરાત્રિ-દિવસ દોડીએ છીએ તેમસર્વે બાળકો-યુવાનો પણ કોઈપણ દુઃખ ગણ્યા વિના સત્સંગના કાર્ય રાતદિવસ કરે છે. વળી જેમઅમારી જીભ વળે તેમતેમના શરીર વળ્યા, આ રીતે આ સત્સંગનો દાખડો કર્યો છે. **આજે ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના કરું છું** : "જો કદાચ મને દીર્ઘાયુષ બક્ષસો તો મારી સાથે આ મારી જે ટીમતેને પણ ખૂબ **દીર્ઘાયુષ** બક્ષજો. જેટલી અમને **શક્તિ** આપી છે, જેટલી દૃઢતા-વિશ્વાસ આપ્યા છે તેટલી જ દૃઢતા-વિશ્વાસ-સમજણ આ **અમારી સાથેના યુવાન સંતો-ભક્તોને આપજો.** આપનું જે **બિરુદ** છે કે **જીવ માત્રનું કલ્યાણ કરવું છે** તેમાં આ સર્વે સંતો-ભક્તો અને અમો ત્રણેય **ત્રિવેણી** મળીને કરીએ."

આજના દિવસે **વિશેષ આયોજન** નથી રાખ્યું. અમારી ઈચ્છા તો આ સંપૂર્ણ મહોત્સવને **સ્થગિત** કરવાની હતી, પરંતુ કેટલાક ભક્તો પોતાના ગામોથી અહિં આવવા માટે નીકળી ચૂક્યા હતા અને કેટલાક ભક્તો અહિં સુધી પહોંચી પણ ગયા હતા અને ખાસ કરીને અમારા યુવાન ભક્તોને પ્રસંગ સ્થગિત કરવાની વાત કરીને ત્યારે એમનામાં **ઉત્સાહ ભંગ** થતો દેખાયો. પરંતુ **આજે ધર્મકુળને આંગણે જે દુઃખ આવ્યું છે, દિકરી દુઃભાણા છે તેના કારણે વિવેકબુદ્ધિ રાખી સર્વેએ આ પ્રસંગને શાંતિપૂર્ણ ઉજવવાનું નક્કી કરેલ છે.** યુવાનોએ પોતાના ઉત્સાહને દાબીને સમજણ રાખી છે. આ પ્રસંગને પ.પૂ. મહારાજશ્રીની અને અમારી આજ્ઞાથી સાદગીથી ઉજવીને **અમારા પરિવારના દુઃખમાં જે સહભાગી થયા છો તે માટે અમો ખૂબ રાજી છીએ.** અને ભવિષ્યમાં ફરી ક્યારેક ધામધૂમથી મહોત્સવ ઉજવી આનંદ માણીશું માટે કોઈ ખોટું ન લગાડશો.

આ દિવસે જો તમારે કંઈ અમને **ભેટ અર્પણ** કરવી હોય તો અમે વસ્તુ-પદાર્થથી રાજી થતા નથી. "અમને ખરેખર (વાસ્તવિકમાં) જો રાજી કરવા હોય તો તમારા જીવનમાં સત્સંગ રાખજો, વાણી-વિવેક-ક્રિયા વગેરેમાં ખૂબજ શુદ્ધિ રાખજો અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે, આજ્ઞા પ્રમાણે **જીવનનું ઘડતર** કરજો તો અમો ચોક્કસ તમારા ઉપર રાજી થશું." શિક્ષાપત્રીનો **'સર્વજીવહિતાવહ'** સંદેશ આ સત્સંગમાં તેમજ સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડી દરેક જીવાત્માનું કલ્યાણ થાય તે કાર્ય આપણે કરતા જ રહેવું. તે અહિંથી સંકલ્પ કરીએ, આ સંકલ્પ ભગવાન શ્રીહરિ **સાર્થક** કરે. તમારા જીવનમાં કોઈ કુસંસ્કાર હોય, કુટેવ હોય, વ્યસન હોય તો આજે **સંકલ્પ** કરો કે દરેક અવગુણોનો ત્યાગ કરી **'સાચા સહજાનંદી'** બનીશું. એવો સંકલ્પ કરશો તો માનીશું કે તમોએ અમારા આ **૩૫મા જન્મદિને પારિતોષિક**ની ભેટ કરી છે ને તે અમો આજીવન યાદ રાખીશું...

## શ્રી રઘુવીરવાડી-વડતાલને આંગણે યોજાયેલ અક્ષરશઃ ૧૫૧ પાઠ શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા) તથા પ.પૂ. વહુજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં શ્રી રઘુવીરવાડી - વડતાલ ખાતે 'ઐશ્વર્ય ભુવન'માં પૂ. સાંખ્યયોગી બહેનો તેમજ ગૃહસ્થ સ્ત્રીભક્તો દ્વારા તા. ૭-૪-૨૦૦૮ થી ૧૫-૪-૨૦૦૮ સુધી અક્ષરશઃ '૧૫૧ પાઠ શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ'નું શ્રીજી પ્રસન્નતાર્થે દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. આ પારાયણ દરમ્યાન દરરોજ સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા) તથા પ.પૂ. વહુજી મહારાજ પધારી સ્ત્રીભક્તોને પોતાના દર્શન-અમૃતવાણીનો અમૂલ્ય લાભ આપ્યો હતો.

# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ભૂપગઢમાં યોજાયેલ મંદિરમાં બિરાજમાન દેવોનો ૨૦મો વાર્ષિક પાટોત્સવ



પ.પૂ.લાલજી મહારાજશ્રીની નીકળેલ વિશાળ સ્વાગત શોભાયાત્રા



શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો



સભામાં પધારતા પ.પૂ.લાલજી મહારાજશ્રીની ભાવવંદના કરતા ભૂપગઢના નિષ્ઠાવાન યુવાનો



મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનું રસપાન કરતા ભક્તજનો



રાસોત્સવમાં સંતો-ભક્તોની સાથે રાસ લેતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

## ખોપાળાને આંગણે ઉજવાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા દેવોનો ૨૦મો વાર્ષિક પાટોત્સવ



દેવોના અભિષેક પૂર્વ શાસ્ત્રોક્તવિધિ પૂજન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી ગોપીનાથજી મહારાજનો પંચામૃત જળે કરીને અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



દેવોના અભિષેક બાદ ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



૨૦મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ ધરાવેલ અન્નકૂટ



પાટોત્સવ પ્રસંગે કથાવાર્તા-અભિષેક દર્શનનો લાભ લેવા પધારેલ ભક્તજનો

## સરધારને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ અભયદાન સત્સંગ સભા તથા સર્વરોગ નિદાન કેમ્પ



સભામંડપ-સિંહાસનમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી




શ્રી આચાર્ય નિવાસ સ્થાનમાં પૂ. સંતો સાથે પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી આચાર્ય નિવાસ સ્થાનમાં તમામ સંતો-પાર્ષદોને ભાવપૂર્વક ભેટતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



આશીર્વાદાત્મક અમૃતવર્ષા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી અને લાભ લેતા ભક્તજનો



મકાઈ(ડોડા) ઉત્સવમાં ઠાકોરજીને ધરાવેલ મકાઈનો પ્રસાદ આરોગ્તા પ.પૂ.લાલજી મહારાજશ્રી



સર્વરોગ નિદાન કેમ્પનું દિપપ્રાગટ્ય કરીને આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

## દહિસર(મુંબઈ)માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ ભવ્ય દ્વિમાસિક સત્સંગ સભા







દ્વિમાસિક સત્સંગ સભા પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની દહિસર શહેરના મુખ્ય રાજમાર્ગ ઉપર નીકળેલ ભવ્ય સ્વાગત શોભાયાત્રા





દ્વિમાસિક સત્સંગ સભા પ્રસંગે મુંબઈ પરા વિસ્તારમાંથી પધારેલ ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



# પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (અમદાવાદ)ના જમાઈરાજ પૂજ્યશ્રી પ્રફુલકુમાર દ્વિવેદીનો અક્ષરવાસ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠના છઠ્ઠા આચાર્ય પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જમાઈરાજ પૂજ્ય શ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી સાહેબ (ન્યુજર્સી અમેરિકા) તા. ૨૮-૩-૨૦૦૮ને શુક્રવારના રોજ સર્વાવતારી શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા અચાનક અક્ષરનિવાસી થતાં પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીના ધર્મકુળ પરિવારમાં અને શ્રી નરનારાયણદેવ દેશ સત્સંગમાં અને દ્વિવેદી સાહેબના પરિવારમાં ઘેરા શોકનું વાતાવરણ છવાઈ ગયું. શ્રીજીમહારાજની અકળ લીલાને કોઈ પામી શકતું નથી.

તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજ તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર તેઓશ્રીના સમસ્ત પરિવાર, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી, પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેમજ દેશો-દેશના હજારો સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં થયો ત્યારે સૌના હૃદય દ્રવી ઉઠ્યા હતા.

ધર્મકુળને આંગણે અચાનક આવી પડેલ આ દુઃખમાં સમસ્ત શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશના સંતો-હરિભક્તો સહભાગી છે અને ઘેરાશોકની લાગણી વ્યક્ત કરી હતી ભગવાન શ્રીહરિ સદ્‌ગત શ્રી પ્રફુલકુમારના પરિવારને તેમજ ધર્મકુળ પરિવારને ધૈર્ય અર્પે તેવી ભાવના સહ અને પરમકૃપાળુ સર્વાવતારી ભગવાન શ્રીહરિ પૂ. શ્રી પ્રફુલકુમારને પોતાની નિજ સેવામાં રાખે તેવી શ્રીચરણોમાં પ્રાર્થના.

તા. ૩૦-૩-૦૮ના રોજ રાજકોટ મુકામે દક્ષિણ વિભાગ વડતાલ દેશના પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫મા જન્મજયંતિ નિમિત્તે 'જન્મોત્સવ તેમજ રંગોત્સવ'નું ભવ્ય આયોજન કરેલ, પરંતુ શ્રી પ્રફુલકુમારના દુઃખદ નિધનના સમાચાર પ્રાપ્ત થતા, વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને ઈચ્છા પ્રમાણે જન્મજયંતિ મહોત્સવ તેમજ રંગોત્સવ સ્થગીત રાખવામાં આવ્યા હતા. અને આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ઉપસ્થિત સમસ્ત શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશના સંતો અને હરિભક્તોની હાજરીમાં સદ્‌ગત આત્માની શાંતિ માટે ભગવાન શ્રીહરિના નામ-સ્મરણ (ધૂન) કરવામાં આવે છે તેમજ મૌન પાળવામાં આવ્યું હતું તેમજ સાદગીપૂર્વક સત્સંગ સભા યોજવામાં આવી હતી.

ચાલો વિરસદ... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો વિરસદ...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદી પટ્ટાભિષેક'નો તેમજ
પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ભાવિઆચાર્ય' નિમણુંકનો



## રજત જયંતિ મહોત્સવ-વિરસદ

તારીખ :- તા. ૧૮-૫-૨૦૦૮ વૈશાખ સુદ - ૧૪ (શ્રીનૃસિંહ જયંતિ)

:: કાર્યક્રમ રૂપરેખા ::

સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ - સત્સંગ સભા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર
બપોરે ૪.૦૦ થી ૭.૦૦ - નગરયાત્રા - સત્સંગ સભા - મહાપ્રસાદ

આયોજક :- અ.નિ. સ.ગુ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી(વિરસદ)નું સમસ્ત શિષ્ય મંડળ

સ્થળ :- શ્રી સ્વા.મંદિર સામે, વિરસદ, તા.ખંભાત, જી. આણંદ. મો. ૯૮૨૫૧૩૪૧૦૮ (પૂ. ઘનશ્યામસ્વામી)

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

સરધાર :- તા. ૦૪-૦૫-૦૮, ચૈત્ર વદ - ૧૪, રવિવાર સવારે ૯ થી ૧૨

રાજકોટ :- તા. ૨૬-૦૪-૦૮, ચૈત્ર વદ ૬, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

સ્થળ :- 'આસોપાલવ' ૫ - મેહુલનગર, નીલકંઠ સિનેમાની પાછળ. પ્રો. ચિંતનકુમાર રણજીતભાઈ સિંધવ - મો. ૯૮૨૫૨૧૨૦૮૯



ચાલો ધંધુકા... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો ધંધુકા...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ધંધુકાને આંગણે

# શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

:: વક્તા ::

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

:: નિમંત્રક ::

પ.ભ. શ્રી અમરશીભાઈ કાનજીભાઈ પટેલ પરિવાર (જસકાવાળા)







તારીખ :- ૨૬ થી ૩ મે/જુન - ૨૦૦૮,

કથા સમય :- સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦

કથાસ્થળ :- 'બિરલા હાઈસ્કુલ' ધંધુકા, જી. અમદાવાદ. ફો.નં. ૦૨૭૧૩ - ૨૨૨૬૫૬, ૦૨૭૮ - ૨૨૦૮૬૮૭



चलो डोंबिवली... ।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।। पधारिये डोंबिवली...

प.पू. सनातन ध.धु. १००८ श्री आचार्य श्री अजेन्द्रप्रसादजी महाराजश्री के अध्यक्षपदे और मंगल आशीर्वाद
सह अनुमति से बृहद मुंबई पराविस्तार सत्संग मंडल द्वारा डोंबीवली(मुंबई)में अति भव्य द्वितीय

# ।। श्री स्वामिनारायण महोत्सव ।।

| महोत्सव आरंभ | महोत्सव समाप्त |
|---|---|
| दिनांक ५-६-२००८<br>ज्येष्ठ शुक्ल - २ | दिनांक १३-६-२००८<br>ज्येष्ठ शुक्ल - १० |

श्री स्वामिनारायण मंदिर - डोंबीवली में बिराजमान
बालस्वरुप श्री घनश्याम महाराज का

## चतुर्थ पाटोत्सव

बृहद मुंबई पराविस्तार में योजाती

भगवान श्री स्वामिनारायण की
१७८ वीं स्वधामगनतिथि पर

## द्विमासिक सत्संग सभा  अंतर्धान महोत्सव







कथा स्थल : श्रीहरिकृष्ण सभामंडप, श्री स्वामिनारायण मंदिर, राजाजी रोड, रेल्वे ब्रिज के पास,
बेंक ओफ इन्डिया के सामने, डोंबिवली (इस्ट) फो.नं. ०२५१ - २४५३८७५, २४२०६८०. मो. ९३२२७५३०५२



ચાલો સુરત... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો સુરત...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સુરતને આંગણે



# શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

વક્તા :- પૂ.શા. સ્વામી છપૈયાપ્રકાશદાસજી - ગઢપુર

નિમંત્રક :- શ્રી પોપટભાઈ રવજીભાઈ માલવીયા પરિવાર







તારીખ :- ૨૯ થી ૫ એપ્રિલ/મે - ૨૦૦૮,

કથા સમય :- બપોરે ૩.૩૦ થી ૬.૩૦ રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦

કથાસ્થળ :- સ્વાતિ સોસા. ચીકુવાડી, મહિલા મંદિરની સામે, ચોપાટી પાસે, વરાછા રોડ, સુરત મો. ૯૯૨૪૫ ૧૧૮૮૧

# :: મહોત્સવની અગત્યની સૂચનાઓ ::

(૧) આ મહોત્સવ બાળ-મહોત્સવ તેમજ યુવા મહોત્સવ તેમબે વિભાગમાં વહેંચવામાં આવેલ છે.
(૨) આ મહોત્સવમાં ૧૪ થી ૧૭ વર્ષ સુધીના બાળકો બાળ મહોત્સવમાં લાભ લઈ શકશે.
(૩) આ મહોત્સવમાં ૧૭ થી ઉપર અને ૪૫ વર્ષ સુધીના યુવાનોને પ્રવેશ મળશે. પરંતુ તેથી મોટી ઉંમરના ભક્તોને યુવા મહોત્સવમાં પ્રવેશ નથી. પરંતુ કોઈપણ બાળમંડળ કે યુવામંડળના પ્રમુખ-ઉપપ્રમુખની ૪૫ વર્ષથી મોટી ઉંમર હશે તો તે ગ્રાહ્ય ગણાશે.
(૪) મહોત્સવમાં આવનાર બાળકો અને યુવાનોએ પોતાને ગમતુ એક પુસ્તક સાથે લાવવું. અને શ્રેષ્ઠ મુદ્દાને નોંધવા માટે પેન અને બુક સાથે લાવવા ફરજીઆત છે.
(૫) જેમની પાસે પ્રથમના બાળ-યુવા મહોત્સવનું આઈકાર્ડ હોય તેમણે સાથે લાવવું. અને જેમની પાસે આઈકાર્ડ ન હોય તેમણે સરધાર આવીને ફોટા પડાવી આઈકાર્ડ મેળવવાનું રહેશે.
(૬) મહોત્સવમાં લાભ લેવા ઈચ્છતા બાળકો અને યુવાનોને ૨૧-૫-૦૮ની સાંજ સુધીમાં સરધાર પહોંચી ચાર દિવસ રોકાવાનું ફરજીઆત રહેશે. છતાં પણ કોઈ આકસ્મીક કારણ વશાત વહેલું મોડુ થશે તો તે ક્ષમ્ય ગણવામાં આવશે.
(૭) આ મહોત્સવમાં દૂર રહેતા બાળકોને સરધાર સુધી પહોંચાડવા માટે વડિલો સાથે આવી શકશે અને તે સ્વયંસેવક તરીકે સેવા બજાવી શકશે.
(૮) આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા બાળકો અને યુવાનો પૂજાપાઠ કરતા હોવા જરૂરી છે. અને પૂજા નહિ હોય તેમણે પૂજા લેવાનું ફરજીઆત રહેશે.
(૯) આ મહોત્સવમાં ભાગ લેનાર બાળકો અને યુવાનો નિર્વ્યસની હોવા જરૂરી છે. કોઈ વ્યસન હશે તો મુકવાનું ફરજીઆત રહેશે.
(૧૦) આ મહોત્સવ ચાર દિવસ ચાલશે. તેમાં બાળ-યુવાનોને રહેવા-જમવાની તેમજ અન્ય સુવિધાઓ વિના મુલ્ય આપવામાં આવશે.
(૧૧) આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોને પોત પોતાના ગામમાં કે શહેરમાં ચાલતા મંડળોની કૌશલ્યતા જેવી કે નાટક-નૃત્ય, ગાયનકળા વગેરે યોગ્ય લાગતા તેને પ્રદર્શિત કરવાનો વધારેમાં વધારે ૩૦ મીનીટનો સમય આપવામાં આવશે.
(૧૨) આ મહોત્સવમાં લાભ લેવા ઈચ્છતા બાળકો અને યુવાનોને સફેદ પેન્ટ-શર્ટ કે કોઈપણ સફેદ વસ્ત્ર પહેરવા માટે સાથે લાવવાનો અમારો વિશેષ અનુરોધ છે.
(૧૩) આ મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ તેમના સ્થાને બિરાજતા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રી તથા તેમને વ્હાલા સંતો-ભક્તોને રાજી કરવા માટે વિનય, વિવેક, સરળતા, પરસ્પરના મહિમાનું ઘડતર, જીવનની શ્રેષ્ઠ કર્તવ્યતા વગેરે ગુણ પ્રાપ્ત કરવાના હોય માટે મહોત્સવના કાર્યકર્તાઓની સુચનાનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.
(૧૪) આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા બાળકો અને યુવાનો માટેનો દૈનિક કાર્યક્રમની વિગત સરધાર પહોંચતા જ મહોત્સવાર્થીએ ઓફિસ ઉપરથી મેળવી લેવાની રહેશે.
(૧૫) આ ચાર દિવસનો મહોત્સવ જીવનનું અનેરૂ ઘડતર કરશે. માટે તમામવડિલોએ પોતપોતાના બાળકો તેમજ યુવાનોને ફરજીઆત મોકલવાનો આગ્રહ રાખવાનું રહેશે.
(૧૬) આ મહોત્સવમાં સેવાનો લાભ લેવા ઈચ્છતા સ્વયંસેવકોએ તા. ૨૧-૫-૦૮ના રોજ સરધાર પહોંચી જવું અને તેની ઉંમર મર્યાદા ૪૫ થી ૫૫ વર્ષ સુધી રહેશે.
(૧૭) આ મહોત્સવમાં આવનાર વિદ્યાર્થી બાળકો કે જેમને ૭૫ ટકાથી વધારે માર્ક પ્રાપ્ત થયેલ હોય તેમણે પોતાની માર્કશીટ અવશ્ય સાથે લાવવી. તેમને તે બદલ પુરસ્કાર આપી ઉત્સાહિત કરવામાં આવશે.

**ખાસનોંધ :-** આ મહોત્સવમાં **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તા. ૨૪-૫-૦૮ને શનિવારના રોજ બપોર પછી ૫.૦૦ કલાકે પધારશે અને રવિવારે બપોર સુધી સરધાર મુકામે રોકાશે.

## નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનો પદ્મશિલા સ્થાપના મહોત્સવ

સર્વે વ્હાલા હરિભક્તોને જણાવવાનું કે, સરધારને આંગણે ઉજવાઈ રહેલ બાળ-યુવા મહોત્સવની સાથે સાથે સંપ્રદાયના નજરાણારૂપ તૈયાર થઈ રહેલ નૂતન શિખરબધ્ધ મંદિરનો તા. ૨૫-૪-૦૮ના રોજ **'પદ્મશિલા સ્થાપના મહોત્સવ'** પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે. તા.ક. આ મહોત્સવમાં તા. ૨૪ અને ૨૫ બાળ-યુવાન-વડિલ (પુરુષ-સ્ત્રીભક્તો) એમબધા લાભ લઈ શકશે.

























## ગોધરાને આંગણે ઉજવાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૫મો જન્મોત્સવ (તા. ૨૭-૩-૦૮ ફાગણ વદ - ૫)

૧. ગોધરા શહેરના મુખ્યમાર્ગો ઉપર નીકળેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની સ્વાગત શોભાયાત્રા. ૨. આ મહોત્સવમાં પધારેલ પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીને ભાવપૂર્વક ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. પુષ્પાજંલી પુસ્તકને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શ્રીચરણોમાં અર્પણ કરતા શ્રી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - યુ.એસ.એ. વતી પ.ભ. શ્રી ભાવેશભાઈ પટેલ. ૪. ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. ૩૫મા જન્મદિવસ પ્રસંગે કેક કાપતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીને સન્માનપત્ર અર્પણ કરતા પૂ. સ્વામી. ૭. પૂ. સ્વામીને ભાવથી ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૫મા જન્મોત્સવનો લાભ લેવા પધારેલ પંચમહાલ જિલ્લાના ભાવિક ભક્તજનો.





# રાજકોટને આંગણે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫મા જન્મ દિવસ નિમિત્તે યોજાયેલ સત્સંગ સભા (તા.૩૦-૩-૦૮)

તા. ૩૦-૩-૦૮ના રોજ રાજકોટ મુકામે દક્ષિણ વિભાગ વડતાલ દેશના પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૫મા જન્મજયંતિ નિમિત્તે 'જન્મોત્સવ તેમજ રંગોત્સવ'નું ભવ્ય આયોજન કરેલ, પરંતુ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (અમદાવાદ)ના જમાઈ શ્રી પ્રફુલકુમારના દુઃખદ નિધનના સમાચાર પ્રાપ્ત થતા, વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને ઈચ્છા પ્રમાણે જન્મજયંતિ મહોત્સવ તેમજ રંગોત્સવ સ્થગીત રાખવામાં આવ્યા હતા. અને આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ઉપસ્થિત સમસ્ત શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશના સંતો અને હરિભક્તોની હાજરીમાં સદ્‌ગત આત્માની શાંતિ માટે ભગવાન શ્રીહરિના નામ-સ્મરણ (ધૂન) કરવામાં આવી હતી અને મૌન પાળવામાં આવ્યું હતું તેમજ સાદગીપૂર્વક સત્સંગ સભા યોજવામાં આવી હતી. આ સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા :

## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી

ધર્મકુળને આશ્રિત વ્હાલા સર્વ સંતો-ભક્તોને અમારા જય શ્રી સ્વામિનારાયણ...!



આજે સર્વે સંતો-ભક્તોએ અમારા જન્મદિવસને નિમિત્ત બનાવી તમારો પ્રેમ-ભાવ અર્પણ કર્યો છે એ બદલ હું હૃદયથી સર્વનો આભાર માનું છું...!! આજના દિવસે અમારે વિશેષ તો કંઈ કહેવાનું ન હોય, પરંતુ એક વાત આજે તમો બધાને કહેવી છે કે ભગવાન જીવાત્માને જે શક્તિ-બળ આપે છે તેનો ઉપયોગ મનુષ્ય પોતાના માટે કરતો હોય છે. એથી આજના દિવસે શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણારવિંદમાં નતમસ્તકે થઈ એમનો **સૌપ્રથમ આભાર** માનીએ કે "આજે અમને પોતાના ધર્મકુળમાં આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુત્ર તરીકે જન્મવાનો અવસર આપી અમોને **ધન્યભાગી** કર્યા છે." સર્વે પૂર્વના આચાર્યો તેમાં વિશેષ કરીને આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી, આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો હું **આજના દિવસે યાદ કરીને આભાર માનું છું** : "આજે તમારો પ્રેમ-વિશ્વાસ જે કંઈ અમે સંપાદન કર્યું છે, આ જે કંઈ સંસ્કાર તેમનું સિંચન કર્યું હોય તો એ બાપુજી, મોટા બાપુજી અને આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજે કર્યું છે." કારણ કે મને **કંઠી** આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજે બાંધી હતી, ને **ગુરુમંત્ર** આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે આપ્યો હતો અને જ્યારે મહારાજશ્રી ગાદીએ બેઠા ત્યારે તેઓશ્રીએ જ **મહામંત્ર** આપી એમના (ભાવિઆચાર્યના)સ્થાન માટે અમારામાં જે વિશ્વાસ મુક્યો એ ત્રણેય અમારા ધર્મકુળના વડિલોનો (આભાર માનવા પૂર્વક) આજે અમે એમના શ્રીચરણે **નતમસ્તકે વંદન** કરીએ છીએ.

અનુસંધાન પેજ નં. ૩૫ પર

Shree Swaminarayan Chintan, April - 2008 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC




## ભગવાન શ્રીહરિના લાડીલા લાડલાઓ 'શ્રી ધર્મકુળ પરિવાર'

Shreeji Art (079) 26580916, 9879606686

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas